પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૧૧/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

**સુવિચાર**

''દરજી અને સુથાર પાસેથી એ શીખવા જેવું છે કે, માપવું બે વાર, કાપવું એકવાર.''

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (લાઠીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૩ કારતક વદ-૧ વર્ષ : ૧૭ અંક : ૨૮૭

## પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ''SD-Pay-અપના પે''નાં પીડિત પરિવારને ન્યાય અપાવવા લડત શરૂ કરી

# ધોળા દિ'એ ૬.૫૩ લાખ પરિવારોની જીંદગીની બચત લૂંટાઇ ગઇ

**સરકારનાં મૌન અને નિષ્ક્રીયતા સામે જનતાનો અવાજ બુલંદ કરવા રાષ્ટ્રવ્યાપી ઓનલાઈન અભિયાનની શરૂઆત**

**આવનારા દિવસોમાં તમામ પીડિતોની વિગતો એકત્રિત કરી વિધાનસભા અને સંસદ સુધી લડત લઈ જવાશે**

**પીડિત પરિવારો તથા જાગૃત નાગરિકો QR કોડ સ્કેન કરીને અથવા લીંક દ્વારા પીટીશનમાં જોડાઈ શકશે**

**ગુજરાતનાં ૭૨ હજાર લોકોએ રૂપિયા ૬૦૦ કરોડથી વધુની રકમ ગુમાવી દીધી છે**

અમદાવાદ, તા. ૨૪

સમગ્ર ગુજરાત અને દેશભરમાં 'SD PAY–અપના પે' મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી થયેલા રૂા. ૧,૨૧૧ કરોડથી વધુના મહાકૌભાંડનો ભોગ બનેલા ૬.૫૩ લાખ સામાન્ય અને મહેનતકશ પરિવારોને ન્યાય અપાવવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ (GPCC) દ્વારા આજે સત્તાવાર રીતે ઓનલાઈન પીટીશન લોન્ચ કરવામાં

અનુસંધાન પાના ૬ ઉપર




### માથાનાં ભાગે બોથડ પદાર્થનાં ઘા ઝીંકી

## બાબરા ખાતે ૪૨ વર્ષિય મહિલાની ઘાતકી હત્યા પતિએ જ કર્યાનું ખુલ્યુ

**ઘરકંકાસનાં લીધે હત્યાનો બનાવ બન્યો**



અમરેલી, તા. ૨૪

બાબરા શહેરની ખોજા શેરીમાં ગઈકાલે ૪૨ વર્ષીય મહિલાનો ઘરમાંથી મૃતદેહ મળી આવવાના ચકચારી બનાવમાં મહિલાની હત્યા થઈ હોવાનું સામે આવ્યું છે. મૃતક શારદાબેન ગોહિલના માથાના ભાગે બોથડ પદાર્થના ઘા ઝીકીને તેમની હત્યા નિપજાવવામાં આવી હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. આ બનાવમાં મૃતકના ભાઈએ મહિલાના પતિ સામે હત્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બાબરા શહેરની ખોજા શેરીમાં રહેતાં શારદાબેન ગોહિલના પતિ અને પુત્ર ધોલેરા ખાતે ઝેરી દવા પી ગયા બાદ શારદાબેન ફોન ઉપાડતાં ન હોવાથી બાબરા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસ જયારે તેમના ઘરે પહોંચી ત્યારે ઘરમાંથી શારદાબેનનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મહિલાના માથાના ભાગે બોથડપદાર્થના ઘા મારીને હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું.

આ બનાવને પગલે મૃતકના ભાઈએ બાબરા પોલીસ મથકમાં તેમના પતિ દ્વારા જ શારદાબેનની હત્યા કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં પતિ–પત્ની વચ્ચે થયેલા ઝઘડાના પગલે પતિએ હત્યા નિપજાવી હોવાની વિગતો સામે આવી હોવાનું જાણવા મળ્યું છે.

દરમિયાન લાઠીના નાયબ પોલીસ અધિક્ષક (ડીવાયએસપી) વિસ્મય માનસેતાએ હત્યાના બનાવ અંગે પ્રેસ સંબોધન કરીને તપાસની વિગતો આપી હતી. હાલ આ હત્યા પ્રકરણની વધુ તપાસ બાબરા પોલીસ મથકના પી.આઈ. દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. બનાવને પગલે બાબરા પંથકમાં ચકચાર મચી ગઈ છે.

### ડામર રોડને બદલે સિમેન્ટ રોડ બનવાથી રોડ બન્યો લપસણો

## સાવરકુંડલાનાં જુના બસ સ્ટેન્ડ તરફનો માર્ગ નવો તો બન્યો જેનાં લીધે શહેરીજનોની મુશ્કેલી ઘટવાને બદલે વધી

**વાહનચાલકો તો ઠીક રાહદારીઓને પણ ચાલવામાં સાવધ રહેવું પડે તેવી સ્થિતિ**



સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા શહેરના જૂના બસસ્ટેન્ડ રોડ પર અતિશય ઢાળ અને વધુ પડતા લીસા–સપાટ રસ્તાને કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમ ઊભું થયું છે. આ માર્ગ પરથી પસાર થતા દ્વિચકી વાહનચાલકો અચાનક સ્લીપ થઈને પડી જવાના બનાવો વધી રહ્યા છે, તો ઘણીવાર ચાલતા જતા રાહદારીઓ પણ લપસી પડતા જોવા મળે છે.

આ વિસ્તારમાં આવેલી કીર્તિ ઓઈલ મિલના સંચાલકો હર્ષભાઈ રૂપારેલ અને શ્યામ રૂપારેલે જણાવ્યું હતું કે તેમની મિલના સીસીટીવી કેમેરામાં અનેક બાઈક ચાલકો સ્લીપ થતા કેદ થયા છે. ચોમાસા દરમિયાન તો સ્થિતિ વધુ ગંભીર બને છે અને પોતે પણ લપસતા

અનુસંધાન પાના ૬ ઉપર

### ટ્રેક પર ત્રણ એશિયાઈ સિંહો જોવા મળતાં જ ટ્રેનમાં ઇમરજન્સી બ્રેક લગાવી રોકી દીધી

## સાવરકુંડલા–લીલીયા રેલ્વે ટ્રેક પર લોકો પાયલટની સમયસૂચકતાથી બચ્યો ત્રણ વનરાજોનો જીવ

**ભાવનગર રેલ્વે મંડળમાં વર્ષમાં ૧૧૪ સિંહોને સંભવિત રેલ અકસ્માતથી બચાવાયા**



અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લાનાં પીપાવાવ–સાવરકુંડલા–લીલીયા મોટા રેલ્વે ટ્રેક પર ત્રણ એશિયાઈ સિંહો ટ્રેક ઓળંગી રહ્યા હતા ત્યારે ટ્રેનનાં લોકો પાયલટ અને સહાયક લોકો પાયલટની અસાધારણ સતર્કતા અને સમય સૂચકતાને કારણે સંભવિત મોટી દુર્ઘટના ટળી હતી. ટ્રેક પર એકસાથે ત્રણ સિંહો નજરે પડતાં જ લોકો પાયલટે તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને સુરક્ષિત રીતે રોકી દીધી હતી. પરિણામે ત્રણેય વનરાજોના જીવ બચી ગયા હતા.

ભાવનગર મંડળ, પશ્ચિમ રેલ્વે દ્વારા વન્યજીવોની સુરક્ષાને પ્રાથમિકતા આપીને સિંહોની અવરજવર ધરાવતા સંવેદનશીલ રેલ્વે વિસ્તારોમાં ટ્રેનોનું સંચાલન નિર્ધારિત ગતિમર્યાદા અને વિશેષ સાવચેતી સાથે કરવામાં આવે છે. ગત તા. ૨૦નાં રોજ ટ્રેન નંબર ૧૯૨૫૬ સાવરકુંડલા–મોટા લીલીયા રેલખંડ પરથી પસાર થઈ રહી હતી. ત્યારે કિલોમીટર નંબર ૫૩/૮ પાસે ત્રણ એશિયાઈ સિંહો રેલ્વે ટ્રેક ઓળંગતા જોવા મળ્યા હતા. ટ્રેનનું સંચાલન કરી રહેલા ભાવનગરનાં લોકો પાયલટ રાકેશ બી. મારૂ અને વરિષ્ઠ સહાયક લોકો પાયલટ પ્રકાશ ચંદ મીણાએ સિંહોને જોતાં જ પરિસ્થિતિની ગંભીરતા સમજી તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને રોકી દીધી હતી. તેમની આ ત્વરિત કાર્યવાહીથી ત્રણેય સિંહો ટ્રેનની અડફેટે આવતાં બચી ગયા હતા.

ઘટનાની જાણ ટ્રેન મેનેજરને કરવામાં આવતાં વન વિભાગને પણ જાણ કરાઈ હતી. ત્યારબાદ ફોરેસ્ટ ટ્રેકર રાહુલભાઈ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ત્રણેય સિંહોને સુરક્ષિત રીતે રેલ્વે ટ્રેક પરથી દૂર કર્યા હતા. વન્યજીવોની સુરક્ષા સુનિશ્ચિત થયા બાદ ટ્રેનને સાવચેતી પૂર્વક ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી હતી.

**ત્રણ વર્ષમાં ૪૦૨ સિંહોને રેલ અકસ્માતથી બચાવાયા**

ભાવનગર રેલ્વે મંડળ અને વન વિભાગ વચ્ચેનાં સંકલન તથા રેલ્વે કર્મચારીઓની સતર્કતાનાં પરિણામે સિંહોનાં જીવ બચાવવામાં નોંધપાત્ર

અનુસંધાન પાના ૬ ઉપર

### બાબરાનાં વાંકીયા ગામનો બનાવ

## હે રામ : માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતાં દીકરીએ ઝેર પી લીધુ

**યુવતીનું સારવાર દરમિયાન મોત નિપજયું**

અમરેલી, તા. ૨૪

બાબરા તાલુકાનાં વાંકીયા ગામે રહેતા ગાયત્રીબેન હરજીભાઈ કટેશીયા નામની ૨૪ વર્ષિય યુવતીને તેણીની મમ્મીએ ઘરકામ કરવા બાબતે ઠપકો આપતા તેણીને મનમાં લાગી આવતા ગત તા. ૨૨નાં સાંજનાં આશરે પોણા છ વાગ્યાનાં અરસામાં વાંકીયા ગામે પોતે પોતાની મેળે ઘઉંમાં નાખવાની ટીકડી (દવા) પી જતા તેણીનું સારવાર દરમ્યાન મોત નીપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.




ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. દેવાંગ ટાંક — ગેસ્ટ્રોલોજીસ્ટ — પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત — તા. ૨૬/૧૧/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૦ થી ૧

ડો. આશુતોષ દુધાત્રા — ન્યુરો ફીજીશ્યન — મગજના રોગોના નિષ્ણાંત — તા. ૨૭/૧૧/૨૦૨૬, શુક્રવારે, સવારે ૧૧ થી ૧

ડો. અનિલ સાંજવા — પીડીયાટ્રીક સર્જન — નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન — તા. ૨૭/૧૧/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬

ડો. કલ્પેશ બજાણીયા — ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન — મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત — તા. ૨૮/૧૧/૨૦૨૬, શનિવારે, સવારે ૧૦ થી ૧૨

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઓર્થોપેડીક સર્જિકલ ઓન્કોલોજીસ્ટ) મો. ૮૧૪૬૩ ૬૧૪૧૧
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (જી.એન.યુ. - ગાયનેક, ઓબ્સ્ટેટ્રીક્સ સ્પેશ્યાલીસ્ટ) મો. ૬૬૧૩૮ ૪૮૨૩૦

## જો દેશમાંથી ''ભ્રષ્ટાચાર'' નામની બલ્લા દૂર થાય તો જ વિકાસ સંભવ

# ગરીબી, બેરોજગારી, મોંઘવારી સહિતની અનેક સમસ્યાઓનું મૂળ 'ભ્રષ્ટાચાર'

**દેશની કેન્દ્ર અને તમામ રાજય સરકાર ભ્રષ્ટાચાર સામે કડક કાર્યવાહી કરે તો જ અનેક સમસ્યાઓ દૂર થશે**

**ગરીબોને ખાલી થાળી હોય તો શું ખાવુ તે અને અમીરોની થાળીમાં વધુ ખાવાનું હોવાથી શું ખાવુ તેની સમસ્યા છે**

**દેશનાં મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓ, વેપારીઓ તેમજ અમુક ભ્રષ્ટ સરકારી કર્મચારીઓ કે અમુક જનપ્રતિનિધિઓ પાસે અખૂટ સંપત્તિ એકત્ર થઈ છે**

**દેશનાં અંદાજિત ૩૦ કરોડ પરિવારોમાંથી ૧૫ કરોડ પરિવારોને ઘરનું ગુજરાન કેમ ચલાવવું તેની સતત ચિંતા**

અમરેલી, તા. ૨૪

ભારત દેશ આઝાદ થયાને ૮૦ વર્ષનો સમય પસાર થયો છતાં પણ દેશમાં આજે ગરીબો કરોડોની સંખ્યામાં જોવા મળી રહ્યા છે. દેશનાં સૌથી મોટા રાજયો ગણાતા ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર તેમજ ઝારખંડ, છતીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિતનાં રાજયોમાં કરોડો પરિવારો ઉપર આભ અને નીચે ધરતીની હાલતમાં જીવન પસાર કરી રહ્યા છે. લાખો નાગરિકોને બે ટંકનું ભોજન મળતુ નથી. ગરીબ પરિવારોનાં બાળકો શિક્ષણ અને આરોગ્ય સુવિધાથી વંચિત જોવા મળી રહ્યા છે.

દેશમાં ગરીબી હટાવવા માટે અનેક યોજનાઓ કાર્યરત કરવામાં આવી છતાં ગરીબીની સમસ્યા દૂર થતી નથી. તે અંગે ગંભીરતાથી વિચારવાનો સમય આવી ચુકયો છે. તાજેતરમાં પ્રધાનમંત્રીએ એક જાહેર મંચ પરથી કહ્યું કે દેશમાંથી ૫૦ કરોડ નાગરિકોને ગરીબીમાંથી બહાર લઈ આવવામાં આવ્યા છે અને દેશમાં આજે પણ ૮૦ કરોડ નાગરિકોને મફતમાં અનાજ આપવું પડી રહ્યું છે તે દેશની હકીકત દર્શાવે છે.

દેશમાંથી ગરીબી ઘટવાનું નામ લેતી નથી. ત્યારે, દેશની કેન્દ્ર અને રાજય સરકારે એ વિચારવું જોઈએ કે ગરીબી નામની બલ્લા કેમ દૂર થતી નથી. ગરીબી ઉપરાંત મોંઘવારી અને બેરોજગારી જેવી અગણિત સમસ્યાને દૂર કરવા માટે તેનું મુળ ગણાતાં ''ભ્રષ્ટાચાર'' ને નેસ્તનાબુદ કરવો જરૂરી છે.

આજે દેશનાં અંદાજિત ૩૦ કરોડ પરિવારોમાંથી ૫ કરોડ જેટલા પરિવારો પાસે અખૂટ ધન સંપત્તિ છે. તેઓમાંથી લાખો પરિવારો ઈમાનદારીથી નહી બલ્કે વિવિધ રીતે ભ્રષ્ટાચાર કરીને માલામાલ થયા છે. જેમાં અમુક ભ્રષ્ટ સરકારી કર્મચારીઓ, અમુક જનપ્રતિનિધિઓ, અમુક ઉદ્યોગપતિઓ, અમુક નફાખોર, ભેળસેળીયા અને સંગ્રહખોર વેપારીઓ અને અમુક વિવિધ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરીને અમીર બની ગયા છે.

જો સરકારો ધારે તો દેશમાં બેઈમાનીથી કરોડપતિ કે અબજોપતિ બનેલ વ્યકિતઓ ઉપર કાયદાનો સંકજો કસે તો હજારો કરોડો રૂપિયાનું કાળુ ધન ઝડપાઈ શકે તેમ છે. કારણ કે બે નંબરનાં નાણા ધરાવનારાઓ ગોલ્ડ, લેન્ડ સહિતમાં રોકાણ કરીને તેના ભાવો આસમાને પહોંચાડે છે. જેના કારણે જરૂરિયાતમંદોને મકાનથી વંચિત કરે છે. તો સંગ્રહખોરી કે નફાખોરી કરીને ખાદ્ય સામગ્રીનાં ભાવો પણ આસમાને પહોંચાડે છે જેથી ગરીબ પરિવારોને ભોજનથી વંચિત રહેવું પડે છે.

દેશમાં છુપાયેલ કરોડો રૂપિયાનાં કાળાધનને ઝડપવા માટે જુદી–જુદી સંસ્થાઓ કાર્યરત છે તેમને સક્રીય કરવામાં આવે તો ગણતરીનાં મહિનાઓમાં સરકારની તિજોરીમાં અખૂટ ધન એકત્ર થઈ શકે અને તેનો ઉપયોગ ગરીબી દૂર કરવા કરી શકાય તેમ છે.

**સમાજમાં સંગઠન, એકતા અને શિક્ષણનો વ્યાપ વધારવા ઉપર ભાર મુકાયો**

## બાબરા તાલુકા સમસ્ત અનુસૂચિત જાતિ સમાજનું પ્રથમ સ્નેહમિલન યોજાયું

**સમાજનાં આગેવાનો, વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા**

બાબરા, તા. ૨૪

બાબરા તાલુકાનાં ઘુઘરાળા મુકામે આજે બાબરા તાલુકા સમસ્ત અનુસૂચિત જાતિ સમાજનાં પ્રથમ ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજની એકતા, સંગઠન અને શિક્ષણનાં મહત્વ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ સમાજનાં સર્વાંગી વિકાસ માટે સૌએ સાથે મળીને કાર્ય કરવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

કાર્યક્રમની શરૂઆત બોધિસત્વ ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રવીણભાઈ વાળા દ્વારા ઉદબોધન કરવામાં આવ્યું હતું. તેમણે સમાજમાં સંગઠન અને એકતા મજબૂત બને, કોઈપણ પ્રકારનો પક્ષપાત કે ભેદભાવ ઊભો ન થાય અને સૌ એક મંચ પર આવી સમાજના ઉત્થાન માટે કાર્ય કરે તેવા વિચારો રજૂ કર્યા હતા.

ડો. બાબાસાહેબ આંબેડકરનાં વિચારોને જીવનમાં ઉતારી સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે, યુવા પેઢી શિક્ષણ તરફ આગળ વધે તેમજ સમાજનાં દરેક વર્ગ સુધી જાગૃતિ પહોંચે તેવા ઉમદા આશય સાથે આ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સરકાર દ્વારા અનુસૂચિત જાતિનાં ઉત્થાન અને વિકાસ માટે અમલી વિવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા પણ ઉપસ્થિત સમાજ જનોને અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન ડેનીભાઈ પરમાર, જિગ્નેશભાઈ દાફડા સહિત તાલુકા પંચાયતનાં પૂર્વ ચેરમેનો, પૂર્વ સભ્યો, પૂર્વ સરપંચો, પૂર્વ ગ્રામ પંચાયત સભ્યો, સમાજનાં શ્રેષ્ઠીઓ, વડીલો, કાર્યકરો, સંગઠનના હોદ્દેદારો તેમજ યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તાલુકાનાં વિવિધ ગામોમાંથી સમાજનાં આગેવાનોની બહોળી ઉપસ્થિતિએ સ્નેહમિલનને વિશેષ બનાવ્યું હતું.

આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા કિશોરભાઈ માધડ, પ્રવીણભાઈ વાળા, ખીમજીભાઈ મારૂ, હરેશભાઈ મેવાડા, અરવિંદભાઈ પરમાર, ગોવિંદભાઈ ચાવડા, ભીમજીભાઈ સોઢડીયા, મહેશભાઈ રાઠોડ, રાજુભાઈ સાગઠીયા, સંજયભાઈ ચાવડા, ગોરધનભાઈ ધાધલ અને કાંતિભાઈ બથવાર સહિતનાં આગેવાનોએ આયોજનની જવાબદારી સંભાળી જહેમત ઉઠાવી હતી.

સમાજમાં એકતા, ભાઈચારો, શિક્ષણ અને સંગઠનની ભાવનાને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે યોજાયેલું આ પ્રથમ સ્નેહમિલન સમાજનાં સામૂહિક ઉત્થાન માટે પ્રેરણારૂપ બની રહ્યું હતું.

## લીલીયા તાલુકા ભાજપ મહિલા મોરચાનાં પ્રમુખ તરીકે જયશ્રીબેન ઝિંઝુવાડિયાની વરણી





લીલીયા, તા. ૨૪

લીલીયા તાલુકા ભાજપ સંગઠનમાં મહિલા મોરચાને વધુ મજબુત અને સક્રિય બનાવવાનાં હેતુથી મહિલા મોરચાનાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. પ્રદેશ ભાજપની સુચના તેમજ અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણીનાં માર્ગદર્શન હેઠળ લીલીયા તાલુકા ભાજપ મહિલા મોરચાનાં પ્રમુખ તરીકે જયશ્રીબેન ઝિંઝુવાડિયા તેમજ મહામંત્રી તરીકે રાજશ્રીબેન રાજયગુરૂ અને રેખાબેન દેવાણીની વરણી કરવામાં આવી છે.


**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


**લાંબી નદી પરંતુ, મોટી જીંદગી જીવી ગયા**

## સાવરકુંડલા : એસ.ટી. ડેપોનાં કર્મચારી મેહુલભાઈ વાળાનાં નિધનથી શોક છવાયો

**નાની એવી જીંદગીમાં સારી એવી સુવાસ ફેલાવી**

સાવરકુંડલા, તા. ૨૪

'બાબુ મોશાય જિંદગી બડી હોની ચાહીયે લંબી નહી.'૧૯૭૧'મા આવેલ 'આનંદ' ફિલ્મનો આ સંવાદ જિંદગીની સાર્થકતા સમજાવી જાય છે. મતલબ કે વ્યક્તિનું અલ્પ જીવન કુદરતના હાથમા છે, પરંતુ આ અલ્પ જીવનમા વ્યક્તિનું વ્યક્તિત્વ કેવું રહ્યું ??? તેમણે જિંદગીની દરેક પળને કેવી ભરપૂર માણી તે મહત્વ નું છે. પોતાના અલ્પ જીવનમા ડર કે ભય વિના નિર્ભય તાથી માણેલ જિંદગીની દરેક ક્ષણ, પળ , કે સમય સાથે પોતાની સમગ્ર જિંદગીના માધ્યમ થકી તમો પોતે કોઈ અન્યની જિંદગીમા કેટલી ખુશી ભરી, કેટલી યાદો ભરી, કેટલા મદદરૂપ થયા. આ દરેક બાબતો તમારા અલ્પ જીવનમા પણ સારા કર્મો થકી ખરી કમાણી છે. જયારે તમે આ ફાની દુનિયા છોડી જાઓ ત્યારે તમારા મિત્રો, સગા સ્નેહી, કુટુંબીજનો સાથે તમે માણેલ દરેક આનંદ અને ખુશીની દરેક પળો તમારી ગેર હાજરી મા અન્ય કોઈ વ્યક્તિ તમારી આ ખોટ, અધૂરપ આ લોકોના જીવનમા કયારેય પુરીના શકે અને જીવન પર્યત તમારી ખોટ વર્તાય એજ જિંદગીની ખરી સાર્થકતા છે. ત્યારે કંઈક આવીજ રીતે એક લાગણીશીલ, નિખાલસ સ્વભાવ, હંમેશા મદદરૂપ થવાની ઉચ્ચ ભાવના ધરાવનાર અને દરેક ઉંમરની વ્યક્તિની સાથે મળતાવડુ વ્યક્તિત્વ ધરાવનાર સાવરકુંડલા એસ. ટી.ડેપો મા ઉમદા ફરજ બજાવતા મેહુલભાઈ ડી.વાળાની અચાનક વિદાઈથી સમગ્ર એસ.ટી.સ્ટાફ પરિવાર પર આઘાત સાથે ઘેરા શોકનો માહોલ પ્રસરી ગયો છે. ઠેર ઠેર એસ.ટી.સ્ટાફ પરિવાર દ્વારા શોક – સભાઓ થકી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી ઓ પાઠવવામાં આવી રહી છે.



ઉપરાંત સૌ મીડિયાના દરેક પ્લેટ ફોર્મ ઉપર દરેક સમાજના લોકો દ્વારા સ્વર્ગસ્થના વિડીયો, ફોટાઓ શેર કરી શ્રદ્ધાંજલીઓ આપવામાં આવી રહી છે. ત્યારે બહોળું મિત્રવર્તુળ ધરાવનાર સ્વર્ગસ્થ મેહુલભાઈ દ્વારા પોતાની ટૂંકી જીવન યાત્રામા પણ સારા કર્મો થકી સુવાસ ફેલાવી અચાનક જ વિદાય લીધી છે ત્યારે સ્વર્ગસ્થના પરોપકારી આત્માને સૂર્યનારાયણ ભગવાન પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના. તેમ દિલુભાઈ એમ. ખુમાણ (હાથસણી) ની યાદી દ્વારા જણાવવા આવે છે.






# હડાળા ખાતે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન અપાયુ



હડાળા, બગસરા તાલુકાના હડાળા ગામ ખાતે તા. ૨૩/૧૧/૨૦૨૬ ના રોજ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ પ્રો. (ડો.) સી. કે. ટીંબડિયાના માર્ગદર્શન હેઠળ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, અમરેલી દ્વારા પ્રાકૃતિક ખેતીના પ્રચાર–પ્રસાર અને ખેડૂતોમાં જાગૃતિ લાવવાના હેતુસર હડાળા ગામ ખાતે પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં હડાળા તેમજ આસપાસના વિસ્તારોના ૫૦ થી વધુ ખેડૂતો ઉત્સાહભેર જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆત યુનીવર્સિટીના મુખ્ય અતિથિઓનું સ્વાગતથી કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ ડો. સી. કે. ટિંબડિયાએ ખેડૂતોને સંબોધતા પ્રાકૃતિક ખેતીનું તત્વજ્ઞાન અને તેના વૈજ્ઞાનિક આધાર વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પ્રાકૃતિક ખેતી શું છે,વર્તમાન સમયમાં તેની જરૂરિયાત શા માટે વધી રહી છે તથા રાસાયણિક ખેતી, સેન્દ્રિય ખેતી અને પ્રાકૃતિકખેતી વચ્ચેના મૂળભૂત તફાવતો અંગે માહિતી આપી હતી. તેમણે જીવામૃત અને બીજામૃતના ઉપયોગથી જમીનમાં સૂક્ષ્મજીવોની સંખ્યા વધે છે, જમીનની જૈવિક સક્રિયતા સુધરે છે અને પાકને પોષણ ઉપલબ્ધ થાય છે તે અંગે સમજણ આપી હતી. ઉપરાંત પ્રાકૃતિક ખેતીમાં મિશ્ર પાક પદ્ધતિનું મહત્વ, જીવાત અને રોગ નિયંત્રણમાં તેની ભૂમિકા તેમજ ખેડૂતોની આવકમાં સ્થિરતા લાવવામાં તેના ફાયદાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે દેશી ગાય આધારિત કુદરતી ખેતીના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રમાંથી તૈયાર થતા વિવિધ પ્રાકૃતિક ઈનપુટસ જમીનની તંદુરસ્તી જાળવવામાં અને ટકાઉ કૃષિ વ્યવસ્થા ઉભી કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. કોલેજના આચાર્ય ડો. એસ. પી. દેશમુખ એ આ પ્રસંગે જણાવ્યું હતું કે, દેશી બિયારણો એ આપણી કૃષિ સંસ્કૃતિ અને પર્યાવરણીય સંતુલનનો આધાર છે. આ પ્રકારના પ્રદર્શનથી વિદ્યાર્થીઓ અને ખેડૂતો તેમજ નવી પેઢીમાં સ્વદેશી બિયારણો પ્રત્યે જાગૃતિ આવશે અને પ્રાકૃતિક ખેતીને નવું બળ મળશે.' તેમજ શ્રી કુલદીપભાઈ દીક્ષિત, FWWB સંસ્થા દ્વારા ખેડૂત ઉત્પાદન સંગઠન વિષે વિશેષ માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત સુડાવડ ગામના પ્રગતિશીલ પ્રાકૃતિક ખેડૂત પ્રવીણભાઈ આસોદરિયાએ પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોના માર્કેટિંગ વિષય પર ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમમાં કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના મદદનીશ પ્રાધ્યાપક, ડો. કે. વી. મશાલિયા, કુ. રૂપાલી વઘાસીયા, તેમજ બી. ડી. મકવાણા, અને ખેતી અધિકારી હરદીપ વળિયા, કુ. યુ. એન. ડોડીયા ઉપસ્થિત રહ્યા હતા. જેમણે આ તાલીમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો. આ સાથેજ હડાળા ગામના ગૌશાળા ના સભ્યો અને અન્ય આગેવાનોએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમના અંતે ખેડૂતો સાથે પ્રશ્નોત્તરી યોજાઈ હતી, જેમાં ખેડૂતોના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના સફળ આયોજન બદલ આયોજકો તથા ઉપસ્થિત ખેડૂતો દ્વારા પ્રસન્નતા વ્યક્ત કરવામાં આવી હતી, અને કાર્યક્રમને સફળ રીતે વિરામ આપવામાં આવ્યો હતો.

## સાવરકુંડલામાં ૩૬ હજાર અને અમરેલીમાં ૧૬ હજાર મણની આવક નોંધાઈ

# મૈ વાહ : સાવરકુંડલા અને અમરેલી યાર્ડમાં ૫૦ હજાર મણ મગફળીની આવક

**ખેડૂતોને મગફળીનો ભાવ પ્રતિ મણ ૧૩૦૦થી લઈને ૧૭૦૦ સુધીનો મળતા હાશકારો**

**અમરેલી અને સાવરકુંડલા યાર્ડનાં ઉમદા વહીવટથી મોટી સંખ્યામાં ખેડૂતો તેમના ખેત ઉત્પાદનોનું વેચાણ કરવા આવી રહ્યા છે**

**ખાંભા, મહુવા, તળાજા અને ગીર સોમનાથ જિલ્લામાંથી પણ ખેડૂતો ખેત ઉત્પાદનનું વેચાણ કરવા આવી રહ્યા છે**

**જગતાત ગણાતાં ખેડૂતોનાં ખિસ્સામાં નાણા આવે તો જ જિલ્લાનાં અર્થતંત્રમાં તેજીનો માહોલ છવાતો હોય છે**



અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લાના માર્કેટિંગ યાર્ડમાં દિવાળી બાદ પણ મગફળીની મબલખ આવક જોવા મળી રહી છે. સાવરકુંડલા અને અમરેલી માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો મોટા પ્રમાણમાં મગફળીનો પાક વેચવા માટે ઉમટી રહ્યા છે. સાવરકુંડલા યાર્ડમાં ૩૬ હજાર મણ તો અમરેલી યાર્ડમાં ૧૬ હજાર મણ મગફળીની આવક નોંધાઈ છે. આમ, બંને યાર્ડમાં મળીને દરરોજ અંદાજે ૫૦ હજાર મણ મગફળીની આવક થઈ રહી છે. મગફળીના ૧૩૦૦થી ૧૭૦૦ રૂપિયા સુધીના ભાવ મળી રહ્યા છે, ત્યારે ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

અમરેલી જિલ્લાના માર્કેટિંગ યાર્ડમાં મગફળીની મબલખ આવકથી યાર્ડના પટાંગણ મગફળીથી છલકાઈ રહ્યાં છે. દિવાળીનું વેકેશન પૂર્ણ થયા બાદ પણ મગફળીની આવકમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાં મગફળીની જંગી આવક થતાં યાર્ડમાં ચારે તરફ મગફળીના ઢગલા જોવા મળી રહ્યા છે. સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાં ૩૬ હજાર મણ મગફળીની આવક નોંધાઈ છે, જયારે અમરેલી માર્કેટિંગ યાર્ડમાં ૧૬ હજાર મણ મગફળીની આવક થઈ રહી છે. આમ, બંને યાર્ડમાં મળીને અંદાજે ૫૦ હજાર મણ મગફળીનીઆવક થઈ રહી છે. મગફળીના બજારભાવની વાત કરીએ તો ખેડૂતોને ૧૩૦૦ રૂપિયાથી લઈને ૧૭૦૦ રૂપિયા સુધીના ભાવ મળી રહ્યા છે. સરેરાશ ૧૬૦૦ રૂપિયાની આસપાસના ભાવ મળતા ખેડૂતોમાં સંતોષ અને ખુશી જોવા મળી રહી છે.

આ વર્ષે ઓછા વરસાદના કારણે મગફળીના પાકમાં ઉતારો ઓછો આવ્યો હોવા છતાં બજારમાં સારા ભાવ મળતાં ખેડૂતોને થોડી રાહત મળી છે. સાવરકુંડલા તાલુકા ઉપરાંત ગીર સોમનાથ, ખાંભા, મહુવા અને તળાજા સહિતના વિસ્તારોમાંથી પણ ખેડૂતો પોતાની મગફળી વેચવા માટે સાવરકુંડલા અને અમરેલી માર્કેટિંગ યાર્ડમાં આવી રહ્યા છે. માર્કેટિંગ યાર્ડના ઈન્સ્પેકટરના જણાવ્યા અનુસાર બંને યાર્ડમાં મળીને દરરોજ અંદાજે ૫૦ હજાર મણ મગફળીની આવક થઈ રહી છે અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહ્યા છે.

એક તરફ ઓછા વરસાદના કારણે ખેતીના ઉત્પાદન પર અસર જોવા મળી છે, તો બીજી તરફ મગફળીના સારા બજારભાવ ખેડૂતો માટે આશાનું કિરણ બન્યા છે. હવે ખેડૂતોને આગામી દિવસોમાં પણ મગફળીના ભાવમાં આવી જ તેજી જળવાઈ રહે તેવી આશા છે.


૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ
સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો
(ગવર્નમેન્ટ એપ્રુવ્ડ)
• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ-જેન્ટસ બાઉન્સર • ફિલ્મસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી
રઘુપિર સિકયુરીટી એજન્સી-અમરેલી
સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧
હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ-૯૪૨૮૩ ૪૦૯૩૪

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

Shine 100 DX
કયે તમને મળી જશે માત્ર ને માત્ર
₹ 76,278/-
On Road Price
કોઈ વધારાનો ચાર્જ નહીં
પરીખ હોન્ડા
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એકસ્ટ્રા આઈટમ:-
શાક - ૩૦/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૬૦૦૫૦૮૮૦
રંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૬૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
S-CNG
મારુતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

સાંભળવાની તકલીફ છે ?
• નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
• જર્મની, ડેનમાર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
• વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

MORE COMFORT
Long Comfortable Seat
Underseat Storage 21 L
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
ALL NEW HF Deluxe
A PERFECT BLEND OF POWER, STYLE & MILEAGE
CASH DISCOUNT ₹3000
POWERED BY TRUST. BUILT FOR INDIA.
BOOK NOW
VISIT YOUR NEAREST HERO DEALERSHIP TODAY!
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

### શેખ હસીનાની વતન વાપસીની જાહેરાતથી ખળભળાટ

# ૧૬ ડિસેમ્બરે બાંગ્લાદેશ પરત ફરશે શેખ હસીના, દિલ્હીથી સ્પેશિયલ ફ્લાઇટની કરી માંગ

**૨૦૨૪થી ભારતમાં નિર્વાસિત હસીનાએ વિજય દિવસે ઢાકા જવાની તૈયારી બતાવી, બાંગ્લાદેશમાં પરત ફરતાં જ ધરપકડનો સામનો કરવો પડી શકે છે**

નવી દિલ્હી, તા.૨૪

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ ભારતમાં નિર્વાસનમાંથી ૧૬ ડિસેમ્બરે પોતાના દેશ પરત ફરવાની યોજના જાહેર કરી છે. ૧૬ ડિસેમ્બર બાંગ્લાદેશમાં 'વિજય દિવસ' તરીકે ઉજવાય છે, જે ૧૯૭૧માં પાકિસ્તાનથી આઝાદીની યાદ અપાવે છે. ઓગસ્ટ ૨૦૨૪માં વિદ્યાર્થીઓના ઉગ્ર આંદોલન બાદ તેમનું ૧૫ વર્ષ જૂનું શાસન ખતમ થયું હતું અને તેઓ દેશ છોડીને ભારત આવ્યા હતા. ત્યારબાદ બે વર્ષથી વધુ સમય બાદ પહેલીવાર તેમણે પરત ફરવાની ચોક્કસ તારીખ જાહેર કરી છે.હસીનાના પ્રવક્તા સૈયદ મોઝમ્મેલ અલીએ મંગળવારે જણાવ્યું હતું કે હસીના વિજય દિવસના અવસરે ઢાકા પરત ફરવા માંગે છે અને બાંગ્લાદેશ સરકારે તેમને દિલ્હીથી રાષ્ટ્રીય એરલાઈન 'બિમાન બાંગ્લાદેશ એરલાઈન્સ' દ્વારા પરત લાવવાની વ્યવસ્થા કરવી જોઈએ. પ્રવક્તાના મતે, ૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ તેમને બાંગ્લાદેશના વિમાનમાં ભારત મોકલાયા હતા, તેથી હવે તેમને પરત લાવવાની જવાબદારી સરકારની છે.શેખ હસીનાની આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે તેમણે પરત ફરવા માટે નવો બાંગ્લાદેશી પાસપોર્ટ અને નેશનલ આઈડેન્ટિટી કાર્ડ મેળવવાની માંગ કરી છે. ઓગસ્ટ ૨૦૨૪માં તેઓ ભારત આવ્યા બાદ તેમના જૂના દસ્તાવેજો રદ કરાયા હતા. અહેવાલો મુજબ, તેમના કાનૂની પ્રતિનિધિઓએ ૯ નવેમ્બરે નવી દિલ્હી સ્થિત બાંગ્લાદેશ હાઈ કમિશનનો સંપર્ક કરીને દસ્તાવેજો આપવાની માંગ કરી હતી અને ત્યારબાદ હસીનાની સહી સાથે ફોલો-અપ પણ મોકલ્યું હતું.જોકે, બાંગ્લાદેશ સરકારે આ માંગના કાયદાકીય આધાર સામે સવાલ ઉઠાવતા દસ્તાવેજો આપવાનો ઇનકાર કર્યો છે. ઢાકાનું કહેવું છે કે હસીનાને ભારત-બાંગ્લાદેશ વચ્ચેની પ્રત્યાર્પણ સંધિ હેઠળ જ પરત લાવવા જોઈએ. બાંગ્લાદેશના અધિકારીઓએ જણાવ્યું છે કે તેમણે ભારત પાસે હસીનાના પ્રત્યાર્પણની ઔપચારિક માંગ કરી છે અને ભારતીય તંત્ર કાયદાકીય પ્રક્રિયા મુજબ તેની ચકાસણી કરી રહ્યું છે.

બાંગ્લાદેશમાં હાલ રાજકીય માહોલ અત્યંત તંગ છે અને શેખ હસીનાની અવામી લીગ પાર્ટી પર પ્રતિબંધ યથાવત છે. એક બાંગ્લાદેશી મંત્રીએ રવિવારે જણાવ્યું હતું કે જો હસીના દેશમાં પરત ફરશે તો તેમની ધરપકડ કરીને જેલમાં મોકલી દેવામાં આવશે. મંત્રીએ એ પણ સ્પષ્ટ કર્યું કે તેમને લાવવા માટે વિમાનની વ્યવસ્થા અંગે ભારત સાથે કોઈ સત્તાવાર વાતચીત થઈ નથી.નોંધનીય છે કે નવેમ્બર ૨૦૨૫માં બાંગ્લાદેશની ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલે વિદ્યાર્થી આંદોલન દરમિયાન થયેલી હિંસામાં તેમની ભૂમિકા બદલ માનવતા વિરુદ્ધના ગુનાઓ હેઠળ તેમની ગેરહાજરીમાં ફાંસીની સજા ફટકારી હતી. જોકે, હસીનાએ આ આરોપો અને ચુકાદાને રાજકીય રીતે પ્રેરિત ગણાવીને નકારી કાઢ્યા છે. સંયુક્ત રાષ્ટ્રના અંદાજ મુજબ, ઓગસ્ટ ૨૦૨૪ની હિંસામાં ૧૪૦૦ જેટલા લોકોના મોત થયા હતા.શેખ હસીનાના પરત ફરવાની જાહેરાત સાથે જ બાંગ્લાદેશમાં રાજકીય હિંસા અને અશાંતિના બનાવો પણ વધ્યા છે. તેમના સમર્થકોએ વિરોધ પ્રદર્શનો કરીને તેમને પરત લાવવાની માંગ કરી છે, જ્યારે બીજી તરફ કેટલાક જિલ્લાઓમાં બોમ્બ વિસ્ફોટ, આગચંપી અને અથડામણના બનાવો નોંધાયા છે. અવામી લીગે ૨૯ અને ૩૦ નવેમ્બરના રોજ ૪૮ કલાકના દેશવ્યાપી બંધની જાહેરાત કરતા તણાવ વધુ વધી ગયો છે, જેને પગલે અનેક વિસ્તારોમાં સુરક્ષા દળો તૈનાત કરાયા છે.

### RBIએ ત્રણ મોટી બેંકોને યાદીમાં રાખી

# SBI, HDFC અને ICICI બેંક ફરી 'Too Big To Fail' યાદીમાં સામેલ

**RBIએ ૨૦૨૬ની નવી યાદી જાહેર કરી, ત્રણેય બેંકોને વધારાની મૂડી જાળવવાની રહેશે, વર્ગીકરણમાં કોઈ ફેરફાર નહીં થયો**

નવી દિલ્હી, તા.૨૪

ભારતીય રિઝર્વ બેંક (RBI)એ વર્ષ 2026 માટે દેશની ડોમેસ્ટિક સિસ્ટમિકલી ઈમ્પોર્ટન્ટ બેંક્સ (D-SIBs)ની યાદી જાહેર કરી છે. આ યાદીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI), HDFC બેંક અને ICICI બેંકને ફરીથી સામેલ કરવામાં આવી છે. આ ત્રણેય બેંકોને 'Too Big To Fail' એટલે કે એટલી મોટી બેંકો ગણવામાં આવે છે કે તેમની નિષ્ફળતાની અસર સમગ્ર દેશની નાણાકીય વ્યવસ્થા અને અર્થતંત્ર પર પડી શકે છે.RBI દ્વારા 23 નવેમ્બરે જાહેર કરાયેલી યાદીમાં ત્રણેય બેંકોનું સ્થાન ગયા વર્ષની જેમ જ યથાવત રાખવામાં આવ્યું છે. એટલે કે આ વર્ષે કોઈ નવી બેંકનો સમાવેશ કરવામાં આવ્યો નથી અને કોઈ બેંકને યાદીમાંથી બહાર પણ કરવામાં આવી નથી.RBIના વર્ગીકરણ મુજબ SBIને બકેટ-4માં રાખવામાં આવી છે. આ બેંકે પોતાના રિસ્ક વેઈટેડ એસેટ્સના 0.80 ટકા વધારાની કોમન ઈક્વિટી ટિયર-1 (CET1) મૂડી જાળવી રાખવી પડશે. જ્યારે HDFC બેંકને બકેટ-2માં રાખવામાં આવી છે અને તેના માટે આ વધારાની મૂડીની જરૂરિયાત 0.40 ટકા નક્કી કરવામાં આવી છે.તેવી જ રીતે ICICI બેંકને બકેટ-1માં સ્થાન મળ્યું છે. આ બેંકે રિસ્ક વેઈટેડ એસેટ્સના 0.20 ટકા વધારાની CET1 મૂડી જાળવવી પડશે. આ વધારાની મૂડીની જરૂરિયાત બેંકો માટે પહેલેથી લાગુ પડતા કેપિટલ કન્ઝર્વેશન બફર ઉપરાંત રહેશે. RBIના વર્ગીકરણમાં બકેટ-3 અને બકેટ-5માં આ વર્ષે કોઈ બેંકને સ્થાન મળ્યું નથી.D-SIBનો દરજ્જો એવી બેંકોને આપવામાં આવે છે, જેમનું કદ, નાણાકીય વ્યવસ્થા સાથેનું જોડાણ, કામગીરીની જટિલતા અને અન્ય બેંકો દ્વારા તેમની સેવાઓનું સ્થાન લઈ શકવાની ક્ષમતા ઓછી હોવાને કારણે તેમનું મહત્વ વધારે હોય છે. આવી બેંકની આર્થિક સ્થિતિ બગડે અથવા તે નિષ્ફળ જાય તો તેની અસર સમગ્ર નાણાકીય વ્યવસ્થા પર પડી શકે છે. તેથી RBI આવી બેંકોને વધારાની મૂડી રાખવાનો નિયમ લાગુ કરે છે.RBIએ D-SIB માટેનું માળખું 22 જુલાઈ 2014ના રોજ જાહેર કર્યું હતું અને ત્યારબાદ 28 ડિસેમ્બર 2023ના રોજ તેમાં સુધારો કર્યો હતો. SBIને 2015માં, ICICI બેંકને 2016માં અને HDFC બેંકને 2017માં આ યાદીમાં સામેલ કરવામાં આવી હતી.

### પૂછપરછ દરમિયાન અચાનક પોલીસકર્મીઓ પર હુમલો

# દિલ્હીના પોલીસ સ્ટેશનમાં જ લોહિયાળ હુમલો! આરોપીએ ચપ્પુથી ૯ પોલીસકર્મીઓને ઘાયલ કર્યા

**માતા અને બહેન સાથે જોડાયેલી ફરિયાદમાં પૂછપરછ માટે બોલાવેલા નબીલે પોલીસકર્મીઓ પર કર્યો હુમલો, 3ની હાલત ગંભીર**

નવી દિલ્હી,તા.૨૪

દેશની રાજધાની દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. જામા મસ્જિદ પોલીસ સ્ટેશનમાં પૂછપરછ માટે બોલાવવામાં આવેલા એક આરોપીએ અચાનક પોલીસકર્મીઓ પર ચપ્પુ વડે હુમલો કરી દીધો હતો. આ હુમલામાં કુલ ૯ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. ઘટનાને પગલે પોલીસ વિભાગમાં અફરાતફરી મચી ગઈ હતી. હુમલા બાદ ફરાર થયેલા આરોપીને પોલીસે હાફ એક્કાઉન્ટર બાદ ઝડપી પાડ્યો હતો.મળતી માહિતી મુજબ, નબીલ નામના શખ્સ વિરુદ્ધ તેની માતા અને બહેનને પરેશાન કરવાની ફરિયાદ મળી હતી. આ ફરિયાદના આધારે દિલ્હી પોલીસે તેને ૨૪ નવેમ્બરના રોજ જામા મસ્જિદ પોલીસ સ્ટેશનમાં પૂછપરછ માટે બોલાવ્યો હતો.પોલીસ સ્ટેશનમાં પૂછપરછ ચાલી રહી હતી ત્યારે નબીલે અચાનક ચપ્પુ કાઢીને પોલીસકર્મીઓ પર હુમલો કરી દીધો હતો. આ હુમલામાં બે સર્કલ ઈન્સ્પેક્ટર, બે હેડ કોન્સ્ટેબલ અને એક એએસઆઈ સહિત પાંચ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા.પોલીસકર્મીઓ પર હુમલો કર્યા બાદ આરોપી નબીલ ટૂ-વ્હીલર લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ પોલીસે તેની શોધખોળ શરૂ કરી હતી.પોલીસની ટીમ જ્યારે તેને પકડવા પહોંચી ત્યારે આરોપીએ ફરીથી હુમલો કર્યો હતો. આ દરમિયાન અન્ય ચાર પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હતા. આમ, બંને ઘટનાઓમાં કુલ ૯ પોલીસકર્મીઓને ઈજા પહોંચી હતી.ઘાયલ પોલીસકર્મીઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમાંથી ત્રણ પોલીસકર્મીઓની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે અને તેમને ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય બે પોલીસકર્મીઓને સંજીવની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.ઘટના બાદ પોલીસે કાર્યવાહી કરીને આરોપી નબીલને હાફ એક્કાઉન્ટર બાદ ઝડપી પાડ્યો હતો. હાલ તેની ધરપકડ કરવામાં આવી છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.પોલીસ સ્ટેશન જેવા સુરક્ષિત સ્થળે જ પોલીસકર્મીઓ પર થયેલા આ હુમલાએ દિલ્હીમાં ચકચાર મચાવી છે.

### GMERS હોસ્પિટલમાં મોટી બેદરકારીનો આક્ષેપ

# ૪ વર્ષની બાળકીને સીરપની જગ્યાએ આપી દીધું ઇન્જેક્શન

**મલ્ટિવિટામિન સીરપને બદલે ઇન્જેક્શન અપાયું હોવાની ફરિયાદ, વિદ્યાર્થીનીને પણ નોટિસ**

મહેસાણા,તા.૨૪

ગુજરાતના મહેસાણા જિલ્લાના વડનગરમાં આવેલી GMERS હોસ્પિટલમાં ચાર વર્ષની બાળકીની સારવાર દરમિયાન ગંભીર બેદરકારી થઈ હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અરવિબા નામની ચાર વર્ષની બાળકીને સારવાર દરમિયાન મલ્ટિવિટામિન અને મલ્ટિવિટામિન સીરપ મોઢેથી આપવાના બદલે ઈન્જેક્શન આપી દેવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઘટના બાદ બાળકીની તબિયત લથડતાં હોસ્પિટલની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, અરવિબાને આંખની પાંપણ સંબંધિત તકલીફને કારણે વડનગરની GMERS હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સારવાર દરમિયાન તેને મલ્ટિવિટામિન સીરપ આપવાનું હતું. જોકે, આરોપ છે કે સીરપ આપવાના બદલે બાળકીને ઈન્જેક્શન આપી દેવામાં આવ્યું હતું.

આ ઘટના બાદ બાળકીની તબિયત લથડતાં પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી. સારવારમાં થયેલી આ કથિત ભૂલને લઈને હોસ્પિટલ તંત્રની દેખરેખ અને જવાબદારી સામે સવાલો ઊભા થયા છે.

આ સમગ્ર ઘટનામાં ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતી નાઈસ ચૌધરી દ્વારા ઈન્જેક્શન આપવામાં આવ્યું હોવાની માહિતી સામે આવી છે. વિદ્યાર્થીનીને ઈન્જેક્શન આપવાની મંજૂરી અને તેની જવાબદારી અંગે પણ સવાલો ઊભા થયા છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. મેલ નર્સ અજયને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે વિદ્યાર્થીની નાઈસ ચૌધરીને GMERS હોસ્પિટલમાં પોસ્ટિંગ ન આપવા અંગે નોટિસ આપવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

ચાર વર્ષની બાળકીની સારવારમાં થયેલી કથિત બેદરકારીને પગલે દર્દીઓની સુરક્ષા અને હોસ્પિટલમાં દવાઓ આપવાની પ્રક્રિયા અંગે ચર્ચા શરૂ થઈ છે. ખાસ કરીને હોસ્પિટલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સારવારની કામગીરી સોંપતી વખતે દેખરેખ કેટલી રાખવામાં આવે છે તે અંગે પણ સવાલો ઊભા થયા છે.હાલમાં સમગ્ર મામલે તપાસ અને બાળકીની આરોગ્ય સ્થિતિ અંગે વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. તપાસમાં શું હકીકત સામે આવે છે અને જવાબદાર લોકો સામે આગળ શું કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર છે.

### રાશન યોજનામાં અયોગ્ય લાભાર્થીઓનો ચોંકાવનારો ખુલાસો

# કાર, એસી અને પાકાં મકાન છતાં ૧૩ ટકા લોકો મફત રાશન મેળવે છે

**DFPDના ૫૧,૩૦૩ લાભાર્થીઓના સરવેમાં ખુલાસો, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને બિહારમાં અયોગ્ય લાભાર્થીઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળ્યું**

નવી દિલ્હી, તા.૨૪

સરકાર દ્વારા અપાતા રાશનના લાભાર્થીઓમાં ૧૩ ટકા લોકો એવા છે કે જે આ યોજનાને લાયક જ નથી, જોકે તેમ છતા તેઓ નિયમિત રીતે રાશન મેળવી રહ્યા છે. આ ૧૩ ટકા લોકોમાં એવા પણ સામેલ છે કે જેઓની પાસે પાકા મકાન, કાર અને એર કંડીશનર (એસી) પણ છે. આ લોકો પાસે તમામ સુખ સુવિધા હોવા છતા તેઓ પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ તરીકે ફાયદો ઉઠાવી રહ્યા છે.નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કરવામાં આવેલા સરવે મુજબ અનેક એવા પરિવારજનો છે કે જે રાજ્ય સરકારો તરફથી નક્કી કરાયેલી શરતોમાં સામેલ નથી થતા જોકે તેમ છતા તેઓ રાશન મેળવી રહ્યા છે. આ એવા લોકો છે કે જેમને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા મુજબ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનો લાભ મળી રહ્યો છે. સરવેમાં સામે આવ્યું કે ત્રણ કરતા વધુ રૂમ ધરાવતા મકાનો, કાર, એક કન્ડિશનર જેવી સુવિધા છે, એટલુ જ નહીં આ ૧૩ ટકામાંથી ઘણા એવા છે કે જેમના પરિવારમાંથી કોઈને કોઈ પાસે સરકારી નોકરી પણ છે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ ડિપાર્ટમેન્ટ ઓફ ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન ડીએફપીડી દ્વારા આ સરવે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં ૫૧૩૦૩ લાભાર્થીઓને સામેલ કરવામાં આવ્યા હતા, તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના શહેર તેમજ ગ્રામીણ વિસ્તારોમાં હાથ ધરાયેલા આ સરવેમાં સામે આવ્યું હતું કે પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, તમિલનાડુ જેવા રાજ્યોમાં આવા લાભાર્થીઓની સંખ્યા અન્ય રાજ્યો કરતા વધુ છે. ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ સરકાર ગ્રામીણ વિસ્તારમાં ૭૫ ટકા જ્યારે શહેરી વિસ્તારમાં ૫૦ ટકા પરિવારને યોજનાનો લાભ આપી રહી છે. આ તમામ લાભાર્થીઓની કુલ સંખ્યા ૮૧.૩૫ કરોડ છે. રાજ્યો પર નજર કરીએ તો પશ્ચિમ બંગાળમાં છ કરોડ લાભાર્થીઓમાંથી ૩૯ ટકા, તમિલનાડુમાં ૩.૬૩ કરોડમાંથી ૩૮ ટકા, બિહારમાં ૮.૧૪ કરોડમાંથી ૨૫ ટકા, ઓડિશામાં ૨૨ ટકા, મહારાષ્ટ્રમાં ૨૦ ટકા લોકો આ તમામ સુવિધાઓ ધરાવનારા છે.

### બરેલી એક્સપ્રેસ પાસે પોલીસે આરોપીને ઝડપ્યો

# લગ્નની કંકોત્રી ન મળતાં જમાઈ બન્યો હત્યારો

**લગ્નનું આમંત્રણ ન મળતાં જમાઈ સુખવીરે સસરાની કરી હત્યા, પોલીસે પીછો કરી આરોપીને ઝડપ્યો**

લખનૌ,તા.૨૪

ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાંથી સંબંધોને શર્મસાર કરતી એક ચોંકાવનારી હત્યાની ઘટના સામે આવી છે. લગ્નની કંકોત્રી ન મળતાં નારાજ થયેલા જમાઈએ ગુસ્સામાં પોતાના જ સસરાની હત્યા કરી નાખી હતી. આરોપ છે કે સુખવીર નામના યુવકે સસરાનું ગળું કાપીને હત્યાને અંજામ આપ્યો અને ત્યારબાદ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. જોકે, પોલીસે કાર્યવાહી કરીને આરોપીને ઝડપી પાડ્યો છે.

આ સમગ્ર મામલો મથુરા જિલ્લાના ગોવર્ધન વિસ્તારનો છે. પોલીસના જણાવ્યા અનુસાર, લગ્નનું આમંત્રણ કાર્ડ ન મળવાને કારણે જમાઈ સુખવીર પોતાના સસરાથી નારાજ હતો. આ નારાજગી એટલી વધી ગઈ કે તેણે સસરા પર હુમલો કરીને તેમની હત્યા કરી નાખી હતી.

૨૧ નવેમ્બરના રોજ આ હત્યાના મામલે આરોપી સુખવીર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. હત્યા બાદ આરોપી ફરાર થઈ જતાં પોલીસ અને એસઓજીની ટીમે તેની શોધખોળ શરૂ કરી હતી. પોલીસ આરોપીને શોધી રહી હતી ત્યારે મળેલી બાતમીના આધારે બરેલી એક્સપ્રેસ પાસે સાથનીમાન વિસ્તારમાંથી સુખવીરની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી મૂળ અલીગઢ જિલ્લાના બરલા વિસ્તારના ખૈરાબાદ નગરિયાનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે આરોપીની ધરપકડ દરમિયાન તેની પાસેથી હત્યામાં ઉપયોગમાં લેવાયેલું ચાકૂ, ઘટના સમયે પહેરેલું જેકેટ અને એક પિકઅપ ગાડી જપ્ત કરી છે. આ મામલે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૦૩(૧) અને આર્મ્સ એક્ટની કલમ ૪/૨૫ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

હાલમાં ગોવર્ધન પોલીસ અને એસઓજીની ટીમ દ્વારા આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લગ્નની કંકોત્રી જેવી બાબતને લઈને થયેલા વિવાદમાં સસરાની હત્યાની આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી છે.

### બંગલાની આસપાસ ઊંચા મેટલ પેનલ, કાંટાળા તાર અને સુરક્ષા કેબિન ઊભી કરાઈ

# દલાઈ લામાને લ્યુટિયન્સ દિલ્હીમાં સરકારી બંગલો ફાળવાયો

**વધતી ઉંમરને ધ્યાનમાં રાખીને દલાઈ લામાના કાર્યાલય માટે સરકારી આવાસની વ્યવસ્થા**

નવી દિલ્હી,તા.૨૪

કેન્દ્ર સરકારે તિબેટીયન આધ્યાત્મિક નેતા દલાઈ લામાના કાર્યાલયને લ્યુટિયન્સ દિલ્હીના પંડિત રવિશંકર શુક્લા લેન ખાતે આવેલો સરકારી બંગલો ફાળવ્યો છે. દલાઈ લામાના કાર્યાલયને ફાળવવામાં આવેલા આ બંગલામાં સુરક્ષા વ્યવસ્થાઓને પણ વધુ મજબૂત બનાવવામાં આવી છે. બંગલાની આસપાસ ઊંચા લીલા રંગના ધાતુના પેનલ અને કાંટાળા તાર લગાવવામાં આવ્યા છે.

બંગલા નંબર ૨૦ને દલાઈ લામાના કાર્યાલય તરીકે ઓળખાતા 'ગેડેન ફોડ્રાંગ' ફાળવવામાં આવ્યો છે. સ્થળની બહાર હાલમાં કોઈ નેમપ્લેટ લગાવવામાં આવી નથી. સુરક્ષા વધારવાના ભાગરૂપે બંગલાના પ્રવેશદ્વારને મજબૂત કરવામાં આવ્યો છે અને સુરક્ષા કર્મચારીઓ માટે નવી કેબિન પણ બનાવવામાં આવી છે.

કેન્દ્ર સરકારના સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (CPWD) દ્વારા વધારાની સુરક્ષા વ્યવસ્થાઓ માટે રૂ. ૩૪.૯૪ લાખનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. આ કામગીરીનો હેતુ દલાઈ લામા અને તેમના કાર્યાલય માટે વધુ સુરક્ષિત અને સુવિધાજનક વ્યવસ્થા ઊભી કરવાનો છે.

દલાઈ લામાના કાર્યાલયના જણાવ્યા અનુસાર, તેમની વધતી ઉંમરને કારણે પ્રવાસ દરમિયાન હોટલમાં રોકાવું અને ત્યાં જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓ ગોઠવવી મુશ્કેલ બની રહી હતી. આ બાબતને ધ્યાનમાં રાખીને દિલ્હીમાં કાયમી સરકારી આવાસની વ્યવસ્થા કરવામાં આવી છે.આ વ્યવસ્થા વિદેશ મંત્રાલય અને દલાઈ લામાના કાર્યાલય વચ્ચેના સંકલનથી કરવામાં આવી હોવાનું જણાવાયું છે. બંગલો લ્યુટિયન્સ દિલ્હીના સુરક્ષિત અને મહત્વપૂર્ણ સરકારી વિસ્તારમાં આવેલો હોવાથી સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવામાં આવી રહી છે.દરમિયાન, દલાઈ લામાના ઉત્તરાધિકારીની પસંદગીનો મુદ્દો પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં છે. U.S.-China Economic and Secu®iy Review Commissionએ ચિંતા વ્યક્ત કરી છે કે ચીન દલાઈ લામાના ઉત્તરાધિકારીની પસંદગીની પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી શકે છે.

કમિશને ૧૪મા દલાઈ લામાના ઉત્તરાધિકારીની ઓળખ અને પ્રમાણિત કરવાની પ્રક્રિયામાં ગેડેન ફોડ્રાંગ ટ્રસ્ટને કાયદેસર સત્તા તરીકે માન્યતા આપવાની ભલામણ કરી છે. સાથે જ ભારત સહિતના દેશો સાથે રાજદ્વારી અને સુરક્ષા સ્તરે સંકલન વધારવાની પણ ભલામણ કરવામાં આવી છે.દલાઈ લામા સાથે જોડાયેલા મુદ્દાઓની વધતી આંતરરાષ્ટ્રીય સંવેદનશીલતા વચ્ચે દિલ્હીમાં કાર્યાલય માટે સુરક્ષિત સરકારી આવાસની વ્યવસ્થા મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. નવી સુરક્ષા વ્યવસ્થાઓ તેમની દૈનિક કામગીરી અને પ્રવાસ દરમિયાન સુરક્ષા સંબંધિત પડકારોને ઘટાડવામાં મદદરૂપ બની શકે છે.


''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' હેલ્પિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


### સૂપના ડબ્બાની તસવીરે હરાજીમાં ઇતિહાસ રચ્યો

# એન્ડી વોરહોલનું ૧૯૬૨નું સૂપ કેન પેઇન્ટિંગ ૩.૮૦ કરોડમાં વેચાયું

ન્યૂ યોર્ક, તા.૨૪

સુપરમાર્કેટમાં સામાન્ય રીતે થોડા ડોલરમાં મળતા સૂપના ડબ્બાની તસવીરની કિંમત કરોડો રૂપિયા હોઈ શકે? ન્યૂયોર્કમાં યોજાયેલી હરાજીમાં આ સવાલનો જવાબ મળ્યો છે. વિશ્વપ્રસિદ્ધ કલાકાર એન્ડી વોરહોલની ૧૯૬૨માં બનાવેલી કેમ્પબેલ્સ સૂપ કેન પેઇન્ટિંગ ૯૦.૨૬ લાખ ડોલર એટલે કે અંદાજે રૂ. ૮૦ કરોડથી વધુમાં વેચાઈ છે. ૬૪ વર્ષ જૂની આ કૃતિએ હરાજીમાં કળાપ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું છે. ક્રિસ્ટીઝના ન્યૂયોર્ક ખાતે યોજાયેલી હરાજીમાં આ પેઇન્ટિંગની બોલી ૪૦ લાખ ડોલરથી શરૂ થઈ હતી. સ્પર્ધાત્મક બોલી બાદ તે ૯૦.૨૬ લાખ ડોલર થઈ હતી. આ પેઇન્ટિંગની ખાસિયત એ છે કે વોરહોલે તેને હાથથી તૈયાર કરી હતી. તેમણે લિનન પર કેસિન અને ગ્રેફાઇટનો ઉપયોગ કરીને સૂપના ડબ્બાનું ચિત્ર બનાવ્યું હતું.

વોરહોલની આ કૃતિ તેમની જાણીતી કેમ્પબેલ્સ સૂપ કેન શ્રેણીનો ભાગ છે. પાછળથી તેમણે આ જ વિષય પર સિલ્કસ્ક્રીન પ્રિન્ટિંગ દ્વારા અનેક કૃતિઓ બનાવી હતી.એન્ડી વોરહોલે કળાની પરંપરાગત વ્યાખ્યાથી અલગ રસ્તો અપનાવ્યો હતો. તેમણે રોજિંદા જીવનમાં જોવા મળતી વસ્તુઓ, જાહેરાતો, ખાદ્ય પદાર્થોના પેકેટ અને ફિલ્મી કલાકારોને પોતાની કળાનો વિષય બનાવ્યા હતા. કેમ્પબેલ્સ સૂપના ડબ્બા પણ તેમની આવી જ કલ્પનાનું પરિણામ હતા. વોરહોલે એક વખત જણાવ્યું હતું કે તેઓ લગભગ ૨૦ વર્ષ સુધી દરરોજ બપોરે કેમ્પબેલ્સ સૂપ પીતા હતા. આ સામાન્ય વસ્તુને તેમણે પોતાની કળા દ્વારા વૈશ્વિક ઓળખ અપાવી હતી.

### સાયબર ળોડ રોકવા RBIની નવી પહેલ

# ડિજિટલ છેતરપિંડી અટકાવવા બેન્ક ખાતામાં આવશે 'સ્ટોપ સ્વિચ' ની સુવિધા

**ગ્રાહકો ટ્રસ્ટેડ પર્સન નિયુક્ત કરી શકશે, એક કલાકમાં મંજૂરી નહીં મળે તો મોટો વ્યવહાર આપોઆપ રદ થશે, ૧ જુલાઈ ૨૦૨૭થી અમલ થશે**

અમદાવાદ, તા.૨૪

બેન્કના બચત કે કરન્ટ એકાઉન્ટ ધરાવનારા ખાતેદારોને રીઝર્વ બેન્કે 'સ્ટોપ સ્વિચ અને 'ટ્રસ્ટેડ પર્સદ કરવાની પદ્ધતિને અપનાવવા દેવાની નવી વ્યવસ્થા કરી આપનાવવાનો વિકલ્પે રીઝર્વ બેન્કે નિર્ણય કર્યો છે. સ્ટોપ સ્વિચ એક એવી ઈમરજન્સી સુવિધા છે, જેના દ્વારા ગ્રાહક એક જ પગલામાં પોતાના ખાતામાંથી થતા તમામ ભાવિ ગ્રાહક-પ્રેરિત આઉટગોઈંગ ડેબિટ્સ તાત્કાલિક બંધ કરી શકશે. સ્ટોપ સ્વિચ સક્રિય થાય ત્યારે ગ્રાહક નવા ડેબિટ ટ્રાન્ઝેકશન શરૂ કરી શકતા નથી. ત્યારબાદ નવા મેન્ડેટ કે સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રકશન્સ બનાવી શકતા નથી અને નવી થર્ડ-પાર્ટી યુપીઆઈ એપ પર ખાતું રજિસ્ટર કરી શકતા નથી.જોકે, ખાતામાં આવતા નાણાં (ઈનકમિંગ ક્રેડિટ્સ) ચાલુ રહેશે અને અગાઉથી શરૂ થયેલા રિકરિંગ મેન્ડેટ્સ, સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રકશન્સ તથા લોનના હપ્તા કે ચાજસ જેવા બેન્ક-પ્રેરિત ડેબિટ્સ આ નિયંત્રણની બહાર રહેશે. પહેલી જુલાઈ ૨૦૨૭થી નવી વ્યવસ્થા અમલમાં આવી જશે.અત્યાર સુધીનું માળખું છેતરપિંડી થયા પછી ગ્રાહકની જવાબદારી અને વળતર પર કેન્દ્રિત હતું, પરંતુ આ નવી દરખાસ્તો નાણાં ખાતામાંથી બહાર જાય તે પહેલાં જ ગ્રાહકોને નિયંત્રણ કરવાની તક આપીને છેતરપિંડી અટકાવવાની વ્યવસ્થા પર ભાર મૂકવામાં આવતો હતો. પરંતુ, હવે રીઝર્વ બેન્કે દાખલ કરેલી સ્વૈચ્છિક 'ટ્રસ્ટેડ પર્સનના મિકેનિઝમ હેઠળ ગ્રાહક ૧૮ વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિને ખાતું ચલાવવા માટે નોમિનેટ કરી શકશે. ખાતામાં થતાં વહેવારો માટે જે તે વ્યક્તિએ નિયુક્ત કરેલી વ્યક્તિને પૂછવામાં આવશે. તેની સૂચના મળતાં જ પેમેન્ટ અટકા

### BJP મુખ્યાલયમાં બંને પક્ષના દિગ્ગજો હાજર

# પંજાબમાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં રાજકીય ગતિવિધિઓ તેજ બની

**ચૂંટણી પહેલાં મોટું રાજકીય સમીકરણ બદલાયું; શિરોમણી અકાલી દળ NDAમાં ફરી જોડાયું, અમિત શાહે કહ્યું પંજાબમાં સરકાર બનાવવાનો પૂરો વિશ્વાસ**

નવી દિલ્હી,તા.૨૪

પંજાબમાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. ભારતીય જનતા પાર્ટી (BJP) અને શિરોમણી અકાલી દળ (SAD) વચ્ચે ફરી એકવાર ગઠબંધન થયું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીમાં BJP મુખ્યાલય ખાતે યોજાયેલી સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન જાહેરાત કરી કે બંને પક્ષ આગામી પંજાબ વિધાનસભા ચૂંટણી સાથે મળીને લડશે. આ સાથે શિરોમણી અકાલી દળ ફરીથી NDAના સત્તાવાર સાથી તરીકે જોડાયું છે.



ગઠબંધનની જાહેરાત દરમિયાન અમિત શાહ ઉપરાંત BJPના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન અને શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલ સહિત બંને પક્ષના વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા.અમિત શાહે ગુરુ નાનક જયંતિની શુભેચ્છા પાઠવી અને જણાવ્યું કે BJP અને અકાલી દળના વરિષ્ઠ નેતાઓ વચ્ચે થયેલી બેઠક બાદ પંજાબની આગામી ચૂંટણી સાથે મળીને લડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અમિત શાહે કહ્યું કે NDAમાં જૂનો સાથી ફરી પરત આવ્યો છે. તેમણે પંજાબમાંથી ભ્રષ્ટાચાર અને નશાની સમસ્યા દૂર કરવાને પ્રાથમિકતા ગણાવી. તેમના જણાવ્યા અનુસાર, ૩૧ ડિસેમ્બર ૨૦૨૯ સુધી પંજાબને સંપૂર્ણપણે નશામુક્ત બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે BJP અને અકાલી દળના સાથે આવવાથી પંજાબમાં રાજકીય પરિવર્તનનો માર્ગ ખુલશે અને આગામી ચૂંટણીમાં NDA સરકાર બનાવવામાં સફળ રહેશે. અમિત શાહે પંજાબની વર્તમાન આમ આદમી પાર્ટી સરકાર પર પણ નિશાન સાધ્યું. તેમણે આરોપ લગાવ્યો કે AAP સરકારે જનતાને આપેલા વાયદા પૂરા કર્યા નથી અને લોકોના વિશ્વાસ સાથે દગો કર્યો છે.

તેમણે કહ્યું કે પંજાબની જનતા હવે એવી સરકાર ઇચ્છે છે જે વિકાસ, સુશાસન અને સુરક્ષાને પ્રાથમિકતા આપે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં NDAને આગામી ચૂંટણીમાં જનસમર્થન મળશે તેવો પણ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો. SAD પ્રમુખ સુખબીર સિંહ બાદલે BJP સાથેના ગઠબંધનને માત્ર રાજકીય કરાર નહીં પરંતુ પંજાબના હિત સાથે જોડાયેલું ગઠબંધન ગણાવ્યું. તેમણે કહ્યું કે શિરોમણી અકાલી દળ ૧૦૯ વર્ષ જૂની પાર્ટી છે અને પંજાબ તથા દેશના હિત માટે બંને પક્ષ ફરી એકસાથે આવ્યા છે. બાદલે AAP અને કોંગ્રેસ પર પંજાબના શાસનને લઈને આકરા આક્ષેપો કર્યા. તેમણે રાજ્યમાં ગેંગસ્ટર પ્રવૃત્તિઓ, ભયનું વાતાવરણ અને વિકાસના અભાવનો મુદ્દો ઉઠાવ્યો અને કહ્યું કે પંજાબમાં ફરી સુરક્ષા, વિકાસ અને સમૃદ્ધિનું વાતાવરણ ઊભું કરવાની જરૂર છે.

BJP અને SADના ગઠબંધનથી આગામી પંજાબ વિધાનસભા ચૂંટણીનું રાજકીય સમીકરણ મહત્વપૂર્ણ રીતે બદલાઈ શકે છે. બંને પક્ષ ફરી સાથે આવ્યા બાદ રાજ્યમાં AAP, કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો સામે NDAનો સીધો પડકાર ઊભો થશે. હવે બેઠકોની વહેંચણી, ચૂંટણી મુદ્દાઓ અને બંને પક્ષના સંગઠન વચ્ચેનું સંકલન આગામી દિવસોમાં મહત્વનું રહેશે.

### મેઈન્ટેનન્સ એક્ટ હેઠળ કરી હતી અરજી

# ૮૫ વર્ષના પિતાને શાંતિથી જીવવાનો હક'; દિલ્હી હાઈકોર્ટે

**હેરાનગતિના આક્ષેપો નિર્ણાયક પુરાવાથી સાબિત ન થયા હોય તો પણ સુરક્ષા આપવાનો ઇનકાર કરી શકાય નહીં**

નવી દિલ્હી,તા.૨૪

દિલ્હી હાઈકોર્ટે ૮૫ વર્ષીય વૃદ્ધના અધિકારો અંગે મહત્વપૂર્ણ ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું છે કે વડીલ માતા-પિતાને પોતાની માલિકીની મિલકતમાં શાંતિ અને સન્માન સાથે રહેવાનો અધિકાર છે. કોર્ટે વૃદ્ધના પુત્ર અને પુત્રવધૂને ચાર અઠવાડિયામાં મકાન ખાલી કરવાનો આદેશ આપ્યો છે. જરૂર પડે તો આદેશનો અમલ કરાવવા પોલીસને વૃદ્ધને જરૂરી સહાય પૂરી પાડવાની પણ સૂચના આપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, વૃદ્ધે Maintenance and Welfare of Parents and Senior Citizens Act, ૨૦૦૭ હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ અરજી કરી હતી. તેમણે પોતાના મોટા પુત્ર અને પુત્રવધૂને મકાનમાંથી દૂર કરવા તેમજ ભરણપોષણની માંગ કરી હતી. જોકે, જિલ્લા મેજિસ્ટ્રેટે દુર્વ્યવહાર અને હેરાનગતિના આક્ષેપો પૂરતા પ્રમાણમાં સાબિત ન થતાં અરજી બંધ કરી દીધી હતી. સાથે જ, પરિવારમાં ચાલી રહેલા વ્યવસાયિક વિવાદની પણ નોંધ લેવામાં આવી હતી.

આ નિર્ણય સામે વૃદ્ધે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી. ૨૦ નવેમ્બરના ચુકાદામાં જસ્ટિસ અમિત મહાજને જણાવ્યું હતું કે વૃદ્ધ વ્યક્તિને પોતાની ઇચ્છા વિરુદ્ધ પોતાના જ ઘરમાં સંતાનો સાથે રહેવા માટે મજબૂર કરી શકાય નહીં. કોર્ટે ખાસ નોંધ્યું કે સંબંધોમાં ગંભીર મતભેદ હોય અને વૃદ્ધ વ્યક્તિને લાંબા સમયથી કાનૂની કાર્યવાહીનો સહારો લેવો પડ્યો હોય, તો તેમની સુરક્ષા અને શાંતિપૂર્ણ જીવનના અધિકારને ગંભીરતાથી જોવો જરૂરી છે.

હાઈકોર્ટે કહ્યું કે વડીલો સાથે થતી હેરાનગતિ ઘણી વખત ઘરની ચાર દીવાલોની અંદર થતી હોવાથી તેના સ્વતંત્ર પુરાવા મેળવવા મુશ્કેલ બની શકે છે. તેથી મકાન ખાલી કરાવવાનો આદેશ આપવા માટે વૃદ્ધે દરેક આક્ષેપને નિર્ણાયક પુરાવાથી સાબિત કરવો જરૂરી નથી. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે સંતાનો વચ્ચેનો વ્યવસાયિક વિવાદ વૃદ્ધ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોની વિશ્વસનીયતા પર શંકા કરવાનો એકમાત્ર આધાર બની શકે નહીં.

અરજીમાં વૃદ્ધે એવો પણ આક્ષેપ કર્યો હતો કે પત્નીના અવસાન બાદ તેમની પરિસ્થિતિ વધુ મુશ્કેલ બની હતી અને પુત્ર-પુત્રવધૂને ઘર ખાલી કરવા કહેવા છતાં તેઓ ત્યાં રહેતા રહ્યા હતા.

હાઈકોર્ટે હવે પુત્ર અને પુત્રવધૂને ચાર અઠવાડિયામાં મકાન ખાલી કરવાનો આદેશ આપ્યો છે. આ ચુકાદો વડીલોના ગૌરવ, મિલકતના અધિકાર અને શાંતિપૂર્ણ જીવનના હક અંગે મહત્વપૂર્ણ કાનૂની સંદેશ આપે છે.

### ૧૮૧ની માંગ સામે માત્ર ૨૬ બેઠકોની ઓફર

# યુપી ચૂંટણી પહેલાં સપા-કોંગ્રેસ વચ્ચે સીટ શેરિંગ પર ખેંચતાણ

**કોંગ્રેસે અગાઉ ૧૮૧ બેઠકોની માંગ કરી હતી, જ્યારે સમાજવાદી પાર્ટીએ ૨૬ બેઠકોની યાદી સામે મૂકી**

નવી દિલ્હી,તા.૨૪

ઉત્તર પ્રદેશમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને હજુ સમય છે, પરંતુ INDIA ગઠબંધનના બે મહત્વના સાથી પક્ષો સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસે શરૂઆતમાં મોટી સંખ્યામાં બેઠકો પર ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જ્યારે સમાજવાદી પાર્ટીએ તેની સામે મર્યાદિત બેઠકોની ઓફર કરી હોવાનું સામે આવ્યું છે.

બેઠક વહેંચણી અંગેની ચર્ચામાં કોંગ્રેસ તરફથી ૧૮૧ વિધાનસભા બેઠકોની માંગ કરવામાં આવી હતી. જોકે, સમાજવાદી પાર્ટીએ કોંગ્રેસને માત્ર ૨૬ બેઠકોની યાદી સોંપી છે. આ યાદીમાં કેટલીક એવી બેઠકોનો પણ સમાવેશ છે જ્યાં કોંગ્રેસનો અગાઉનો ચૂંટણી પ્રદર્શન નોંધપાત્ર રહ્યો હતો.

સપાની ઓફરમાં રામપુર ખાસ અને ફરેન્દા જેવી બે બેઠકોનો સમાવેશ થાય છે, જ્યાં કોંગ્રેસે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં જીત મેળવી હતી. આ ઉપરાંત મથુરા, ખેરાગઢ, જગદીશપુર અને કિદવાઈ નગર જેવી ચાર બેઠકો એવી છે જ્યાં કોંગ્રેસ અગાઉ બીજા ક્રમે રહી હતી.

બાકીની ૨૦ બેઠકોમાં બાગપત, મોદીનગર, હાપુડ, જેવર, સાયના, ખુર્જા, ખેર, ઈગલાસ, મંત, આગ્રા ઉત્તર, ફતેહપુર સિકરી, બિલગ્રામ-મલ્લાવાં, ગોવિંદ નગર, નાનપારા, ગોરખપુર શહેર, ખજની, પદ્રૌના, ફાઝિલનગર, પિંદ્રા અને વારાણસી કેન્ટનો સમાવેશ થાય છે.

આ યાદી પરથી સ્પષ્ટ થાય છે કે સપા ઉત્તર પ્રદેશમાં ગઠબંધનનું નેતૃત્વ પોતાની મજબૂત સ્થિતિના આધારે જાળવી રાખવા માગે છે, જ્યારે કોંગ્રેસ વધુ બેઠકો મેળવવા માટે દબાણ બનાવી રહી છે. સોમવારે INDIA ગઠબંધન હેઠળ કોંગ્રેસ અને સપા વચ્ચે યોજાયેલી બેઠકમાં કોંગ્રેસે અગાઉની માંગમાં ઘટાડો કરીને ૧૩૦ બેઠકોનો પ્રસ્તાવ મૂક્યો હોવાનું સામે આવ્યું છે. જોકે, બંને પક્ષો વચ્ચે અંતિમ સંમતિ હજુ બની નથી.

મંગળવારે નવી દિલ્હીમાં બંને પક્ષોના નેતાઓ વચ્ચે બેઠક યોજાઈ રહી છે. આગામી દિવસોમાં બેઠકોની સંખ્યા અને કયા પક્ષને કઈ બેઠક મળશે તે અંગે વધુ ચર્ચા થવાની શક્યતા છે.

ઉત્તર પ્રદેશમાં લોકસભા અને વિધાનસભા ચૂંટણીનું રાજકીય ગણિત અન્ય રાજ્યોની સરખામણીમાં વિશાળ છે. તેથી બેઠકોની વહેંચણી માત્ર સંખ્યાનો મુદ્દો નહીં પરંતુ બંને પક્ષોની જમીની તાકાત, અગાઉના ચૂંટણી પરિણામો અને ઉમેદવારોની સ્થિતિ સાથે પણ જોડાયેલી છે. ૨૦૨૭ની ચૂંટણી પહેલાં સપા અને કોંગ્રેસ વચ્ચે સીટ શેરિંગ પર સહમતિ બને છે કે મતભેદ વધુ ગાઢ બને છે, તેના પર ગઠબંધનની આગામી દિશા નિર્ભર રહેશે.

### બંધારણ દિવસ પર શક્તિપ્રદર્શનની તૈયારી

# BJPના ગઢ નાગપુરમાં 'કોકરોચ જનતા પાર્ટી'નો હલ્લાબોલ

**બંધારણ બચાવોના નારા સાથે કાર્યક્રમ; ભાજપ પર વોટ ચોરી અને ધાર્મિક વિભાજનના આક્ષેપો કરવાની તૈયારી**

નાગપુર,તા.૨૪

બંધારણ દિવસને લઈને મહારાષ્ટ્રના નાગપુરમાં રાજકીય ગરમાવો જોવા મળી શકે છે. કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સંસ્થાપક અભિજીત દીપકેએ ૨૬ નવેમ્બરે નાગપુરના બંધારણ ચોક ખાતે રેલી યોજવાની જાહેરાત કરી છે. સાંજે ૪ વાગ્યે યોજાનારી આ રેલી માટે 'લોકશાહી બચાવો, બંધારણ બચાવો'નો નારો આપવામાં આવ્યો છે.

અભિજીત દીપકેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર રેલીનું પોસ્ટર શેર કરીને લોકોને કાર્યક્રમમાં જોડાવા અપીલ કરી છે. પોસ્ટરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની તસવીર પણ મૂકવામાં આવી છે.

દીપકેએ લોકોને બંધારણના મૂલ્યો અને લોકશાહીના રક્ષણ માટે એકજૂથ થવાની અપીલ કરી છે. ૨૬ નવેમ્બરે નાગપુરમાં લોકો સાથે મુલાકાત કરવાની વાત પણ તેમણે કરી છે. આ રેલી એવા સમયે યોજાઈ રહી છે જ્યારે અભિજીત દીપકે તાજેતરમાં ગોવાના પણજીમાં જનસભા કરી હતી. ૨૨ નવેમ્બરે યોજાયેલી આ સભામાં તેમણે કેન્દ્ર અને ગોવા સરકાર પર ચૂંટણી પ્રક્રિયા અંગે ગંભીર આક્ષેપો કર્યા હતા.

તેમણે સરકાર પર લોકોના મૂળભૂત મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા માટે ધાર્મિક વિભાજનને પ્રોત્સાહન આપવાનો આરોપ પણ લગાવ્યો હતો. નાગપુરની રેલીમાં પણ ભાજપ સામે આવા જ મુદ્દાઓ ઉઠાવવામાં આવે તેવી શક્યતા છે.રેલી માટે નાગપુરની પસંદગી રાજકીય રીતે ખાસ મહત્વ ધરાવે છે. નાગપુર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીનું ગૃહક્ષેત્ર છે. સાથે જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)નું મુખ્યાલય પણ નાગપુરમાં આવેલું છે. ભાજપના મજબૂત ગઢ તરીકે ઓળખાતા આ શહેરમાં બંધારણ અને લોકશાહીના મુદ્દે રેલી યોજવાનો નિર્ણય રાજકીય સંદેશ આપવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે.

નાગપુરમાં તાજેતરમાં યોજાયેલી વિધાન પરિષદની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારને હારનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસના અભિજીત વંજારીએ ભાજપના ઉમેદવાર સુધાકર કોહલેને ૩,૨૭૧ મતથી હરાવ્યા હતા. આ પરિણામ બાદ નાગપુરમાં ભાજપના જનાધાર અને આંતરિક રાજકીય સમીકરણોને લઈને ચર્ચા તેજ બની હતી.

ભાજપના દિગ્ગજ નેતાઓએ પ્રચાર કર્યા હોવા છતાં મળેલી હાર પાછળ ઉમેદવારની પસંદગી સામેની નારાજગી, આંતરિક જૂથબંધી અને બળવાખોર ઉમેદવારો જેવા કારણોની ચર્ચા થઈ હતી.

બંધારણ દિવસના અવસરે યોજાનારી CJPની રેલીમાં જો મોટી સંખ્યામાં લોકો જોડાય અને ભાજપ તથા ચૂંટણી પ્રક્રિયા સામે આક્રમક રાજકીય નિવેદનો થાય, તો નાગપુરનું રાજકીય વાતાવરણ વધુ ગરમાઈ શકે છે. હવે ૨૬ નવેમ્બરની રેલી પર રાજકીય વર્તુળોની નજર રહેશે.

### ગુજરાત પોલીસમાં બમ્પર ભરતીની જાહેરાત

# લોકરક્ષકની ૧૨,૭૫૨ અને PSIની ૨૪૧ જગ્યાઓ માટે સીધી ભરતી જાહેર

**ગુજરાત પોલીસમાં કુલ ૧૨,૯૯૩ જગ્યાઓ ભરાશે, લોકરક્ષક ભરતી માટે ૨૬ નવેમ્બરથી ૧૬ ડિસેમ્બર સુધી ઓનલાઇન અરજી કરી શકાશે**

નવી દિલ્હી, તા.૨૪

ગુજરાત પોલીસમાં જોડાઈને સરકારી નોકરી મેળવવા ઇચ્છતા યુવાનો માટે મોટી ભરતીની જાહેરાત કરવામાં આવી હતી. લોકરક્ષક કેડરની અગાઉ જાહેર કરાયેલી 3,000 જગ્યાઓમાં મોટો વધારો કરવામાં આવ્યો હતો. ગૃહ વિભાગે વધારાની જગ્યાઓ મંજૂર કરતાં હવે લોકરક્ષક કેડરમાં કુલ 12,752 જગ્યાઓ પર સીધી ભરતી કરવામાં આવશે. આ ઉપરાંત PSI કેડરની 241 જગ્યાઓ માટે પણ ભરતી જાહેર કરાઈ છે.

આમ, ગુજરાત પોલીસમાં બંને કેડર મળીને કુલ 12,993 જગ્યાઓ ભરવામાં આવશે.ગુજરાત પોલીસ ભરતી બોર્ડ 20 નવેમ્બર, 2026ના રોજ લોકરક્ષક કેડરની ભરતી અંગે જાહેરાત કરી હતી. ત્યારબાદ ગૃહ વિભાગ દ્વારા વધારાની જગ્યાઓ મંજૂર કરવામાં આવતાં 23 નવેમ્બરે સુધારેલી જગ્યાઓની વિગતો જાહેર કરવામાં આવી છે. ભરતી બોર્ડના અધ્યક્ષ અને પોલીસ મહાનિર્દેશક દ્વારા આ અંગે જાહેરાત કરવામાં આવી હતી.લોકરક્ષક કેડરની સાથે PSI કેડરમાં પણ ભરતીની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડની જાહેરાત ક્રમાંક GPRB/202627/4 મુજબ PSI કેડરની કુલ 241 જગ્યાઓ ભરવામાં આવશે. આ ભરતી માટે ઉમેદવાર પાસે માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી હોવી જરૂરી છે. ઉમેદવારો પાસેથી માત્ર ઓનલાઈન માધ્યમથી જ અરજીઓ સ્વીકારવામાં આવશે.લોકરક્ષક કેડરની જગ્યાઓમાં વધારો કરાયા બાદ અગાઉની ભરતીની અન્ય સૂચનાઓ યથાવત રાખવામાં આવી છે. ભરતીને લગતી અરજી પ્રક્રિયા, આગળની સૂચનાઓ અને અન્ય વિગતો માટે ઉમેદવારોએ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ તથા OJASની સત્તાવાર વેબસાઇટ પર નજર રાખવી પડશે.

### ઓનલાઇન ખરીદીમાં એઆઈનો વધતો દબદબો

# હવે ખરીદી પહેલાં ગૂગલ નહીં, એઆઈની સલાહ ગ્રાહકો લેશે

**અમેરિકામાં 33 અને યુરોપમાં ૩૬ ટકા ગ્રાહકો ખરીદી પહેલાં એઆઈની મદદ લેતા થયા, એઆઈથી આવતા ગ્રાહકોની ખરીદીની શક્યતા ૯૦ ટકા વધુ છે**

કેલિફોર્નિયા , તા.૨૪

એક સમયે કોઈ વસ્તુ ખરીદવી હોય તો લોકો ગૂગલ પર સર્ચ કરીને અલગ-અલગ વેબસાઇટની કિંમત અને રિવ્યૂ તપાસતા હતા. હવે આ પદ્ધતિમાં ઝડપથી ફેરફાર થઈ રહ્યો છે. ગ્રાહકો સીધા એઆઈને પૂછે છે કે કયો મોબાઇલ સારો છે, ઓછા બજેટમાં કઈ વોશિંગ મશીન ખરીદવી જોઈએ અથવા કઈ બ્રાન્ડની વસ્તુ વધુ સારી છે.એઆઈ ગ્રાહકના બજેટ, પસંદગી અને જરૂરિયાત પ્રમાણે વિકલ્પો સૂચવે છે. આ બદલાવને કારણે ઓનલાઇન ખરીદીની દુનિયામાં એઆઈ એક નવા સર્ચ એન્જિન તરીકે ઉભરી રહ્યું છે.જાણીતી કન્સલ્ટિંગ કંપનીના નવેમ્બર ૨૦૨૬ના રિપોર્ટ અનુસાર, અમેરિકાના લગભગ ૩૩ ટકા અને યુરોપના ૩૬ ટકા ગ્રાહકો ખરીદીની પ્રક્રિયાના કોઈને કોઈ તબક્કે એઆઈ આસિસ્ટન્ટનો ઉપયોગ કરે છે. ૨૦૨૫માં આ આંકડો અમેરિકામાં ૧૯ ટકા અને યુરોપમાં માત્ર ૮ ટકા હતો. એટલે એક વર્ષમાં યુરોપમાં એઆનો ઉપયોગ કરનારા ગ્રાહકોની સંખ્યા સાડાચાર ગણી થઈ છે.રિપોર્ટનો સૌથી રસપ્રદ આંકડો એ છે કે રિટેલ કંપનીઓની વેબસાઇટ પર એઆઈ મારફત આવતા ગ્રાહકોનો હિસ્સો હજુ એક ટકાથી ઓછો છે. જોકે, આવા ગ્રાહકોની ખરીદી કરવાની શક્યતા સામાન્ય રીતે અન્ય માધ્યમથી આવતા ગ્રાહકો કરતાં ૯૦ ટકા વધુ છે. તેનું કારણ એ છે કે એઆઈનો ઉપયોગ કરનારા ઘણા ગ્રાહકો પહેલેથી જ પોતાની જરૂરિયાત, બજેટ અને પસંદગી નક્કી કરીને આવે છે. તેઓ માત્ર માહિતી મેળવવા નહીં, પરંતુ ખરીદીનો નિર્ણય લેવા એઆઈની મદદ લે છે.

### વૈભવ સૂર્યવંશીનો ઐતિહાસિક ધમાકો

# ૨૮ છગ્ગા, ૫૨ બોલમાં બેવડી સદી, ૧૪.૨ ઓવરમાં ભારતની શાનદાર જીત

કતાર,તા.૨૪

ક્રિકેટના મેદાન પર ૧૫ વર્ષના ભારતીય યુવા બેટર વૈભવ સૂર્યવંશીએ એવો કારનામો કરી બતાવ્યો છે કે આખી દુનિયા તેની ચર્ચા કરી રહી છે. ACC મેન્સ એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ૨૦૨૬માં UAE સામે રમાયેલી મેચમાં વૈભવે રેકોર્ડની હારમાળા સર્જી હતી. તેણે માત્ર ૨૮ બોલમાં સદી અને ૫૨ બોલમાં બેવડી સદી પૂરી કરીને લિસ્ટ-છ ક્રિકેટમાં નવો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો છે.

વૈભવે માત્ર ૫૩ બોલમાં ૨૦૪ રનની તોફાની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે ૨૮ ગગનચુંબી છગ્ગા અને ૭ ચોગ્ગા ફટકાર્યા હતા. તેની સ્ટ્રાઇક રેટ ૩૮૪.૯૦ રહી હતી.

દોહાના યુનિવર્સિટી ઓફ દોહા ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ક્રિકેટ ગ્રાઉન્ડ પર ભારત-A અને UAE વચ્ચે મુકાબલો રમાયો હતો. UAEએ પ્રથમ બેટિંગ કરીને ૫૦ ઓવરમાં ૨૪૯ રન બનાવ્યા હતા. ૨૫૦ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ તરફથી વૈભવે શરૂઆતથી જ આક્રમક બેટિંગ કરી હતી. તેણે માત્ર ૧૬ બોલમાં અડધી સદી પૂરી કરી હતી. ત્યારબાદ ૨૮ બોલમાં સદી ફટકારી હતી. આ સાથે તેણે ઓસ્ટ્રેલિયાના જેક ફ્રેઝર-મેકગર્કનો ૨૯ બોલમાં સદીનો રેકોર્ડ તોડી નાખ્યો હતો.વૈભવ અહીં જ અટક્યો નહોતો. તેણે માત્ર ૫૨ બોલમાં ૨૦૦ રન પૂરા કરીને લિસ્ટ-A ક્રિકેટમાં સૌથી ઝડપી બેવડી સદીનો વિશ્વવિક્રમ પણ પોતાના નામે કર્યો હતો. આખરે ૫૩ બોલમાં ૨૦૪ રન બનાવીને તે આઉટ થયો હતો.વૈભવની આ ઈનિંગની સૌથી આશ્ચર્યજનક વાત તેના ૨૮ છગ્ગા હતા. આ સાથે તેણે પ્રોફેશનલ ક્રિકેટની એક ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે.

આ પહેલાં તન્મય અગ્રવાલે ૨૬ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો હતો. વૈભવે ૨૮ છગ્ગા ફટકારીને આ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે.

તૂટ્યા આ મોટા ક્રિકેટ રેકોર્ડ

સૌથી ઝડપી લિસ્ટ-A સદીઃ ૨૮ બોલમાં સદી.

સૌથી ઝડપી લિસ્ટ-A બેવડી સદીઃ ૫૨ બોલમાં ૨૦૦ રન.

એક ઈનિંગમાં સૌથી વધુ છગ્ગાઃ ૨૮ છગ્ગા.

વ્યક્તિગત સ્કોરઃ માત્ર ૫૩ બોલમાં ૨૦૪ રન.

ચોગ્ગાઃ ૭.

વૈભવે પ્રથમ ઓવરથી જ UAEના બોલરો સામે આક્રમક બેટિંગ શરૂ કરી હતી. તેણે પ્રથમ ઓવરમાં સતત ત્રણ છગ્ગા ફટકાર્યા હતા. બીજી ઓવરમાં પણ બે છગ્ગા અને એક ચોગ્ગો ફટકાર્યો હતો. ત્યારબાદ બાસિલ હમીદની ઓવરમાં વધુ ત્રણ છગ્ગા ફટકારીને માત્ર ૧૬ બોલમાં અડધી સદી પૂરી કરી હતી. સદી અને બેવડી સદી પૂરી કર્યા બાદ પણ તેનો આક્રમક અંદાજ યથાવત રહ્યો હતો. આખરે UAEના કેપ્ટન બાસિલ હમીદે તેની વિકેટ મેળવી હતી. UAEએ પ્રથમ બેટિંગ કરીને ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૨૪૯ રન બનાવ્યા હતા. તેના જવાબમાં ભારત-Aએ વૈભવની ઐતિહાસિક ઈનિંગની મદદથી માત્ર ૧૪.૨ ઓવરમાં ૩ વિકેટે ૨૫૪ રન બનાવીને ૭ વિકેટે શાનદાર જીત મેળવી હતી.

વૈભવ સૂર્યવંશીની આ ઈનિંગ માત્ર એક મેચની જીત નથી, પરંતુ લિસ્ટ-A ક્રિકેટના રેકોર્ડબુકમાં નોંધાયેલી ઐતિહાસિક સિદ્ધિ બની ગઈ છે. માત્ર ૧૫ વર્ષની ઉંમરે આટલી મોટી ઈનિંગ રમીને તેણે ભારતીય ક્રિકેટમાં પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે

### દિવાળી બાદ ગાંધીનગરમાં ત્રણ મોરચે આંદોલન

# વ્યાયામ શિક્ષકો, કર્મચારીઓ અને TAT ઉમેદવારો મેદાનમાં

**કાયમી ભરતી, પગાર વિસંગતતા અને પરિણામના પુનઃમૂલ્યાંકનની માંગ સાથે સત્યાગ્રહ છાવણીમાં સરકાર સામે વિરોધ નોંધાવ્યો**

ગાંધીનગર, તા.૨૪

દવાળીના તહેવારો પૂર્ણ થતાં જ રાજ્યનું પાટનગર ગાંધીનગર ફરી એકવાર આંદોલનોની આગમાં સપડાયું છે. સરકારના ખોટા વાયદા અને વચનોએ જ આંદોલનના વેગને હવા આપી હોય તેવો માહોલ સર્જાયો છે. વ્યાયામ શિક્ષકો, એઈડ્સ કંટ્રોલ સોસાયટીના કર્મચારીઓ અને ટાટ ના ઉમેદવારો મોટી સંખ્યામાં ઉમટી પડતા આંદોલનો છાવણી ઉભરાઈ ગઈ હતી. એકસાથે ત્રણ મોટા આંદોલનો વેગવાન બનતા રાજ્ય સરકારની મુશ્કેલીમાં મોટો વધારો થયો છે.

એક તરફ ગુજરાતમાં ઓલમ્પિક યોજવાની તૈયારીઓ થઈ રહી છે, ત્યારે બીજી તરફ રાજ્યની શાળાઓમાં જ વ્યાયામ શિક્ષકોની ભારે અછત પ્રવર્તી રહી છે. રાજ્યમાં ૫૭૦૦ જગ્યાઓ સામે માત્ર ૧૭૦૦ વ્યાયામ શિક્ષકો જ ફરજ બજાવી રહ્યા છે અને તે પણ કરાર આધારિત! ૧૯ મહિના પહેલા સરકારે કાયમી ભરતીનું લોલીપોપ આપ્યું હતું, પરંતુ આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

આખરે રોષે ભરાયેલા વ્યાયામ શિક્ષકોએ સત્યાગ્રહ છાવણી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરીને સરકાર સામે મોરચો માંડ્યો છે.ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટીના કરાર આધારિત કર્મચારીઓએ પણ હવે સરકાર સામે બાંયો ચઢાવી છે. પગાર વિસંગતતા, ઈન્ક્રીમેન્ટ અને અન્ય પડતર માંગણીઓને લઈને આ કર્મચારીઓ 'માસ સીએલ' (સામૂહિક રજા) પર ઉતરી ગયા છે, જેના કારણે રાજ્યની આરોગ્ય સેવાઓ પર સીધી અસર પડી રહી છે.

કર્મચારીઓએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો તેમની માંગણીઓ નહીં સંતોષાય, તો આગામી 'વિશ્વ એઈડ્સ દિવસ'ના સરકારી કાર્યક્રમનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવશે.શિક્ષણ વિભાગના અણઘડ વહીવટ સામે ટાટના ઉમેદવારોએ પણ આંદોલનનું રણશિંગું ફૂંક્યું છે. પરીક્ષામાં કુલ ૪૭ હજાર પૈકી ૩૦ હજાર જેટલા ઉમેદવારો નાપાસ થતાં પરિણામ સામે ગંભીર સવાલો ઉભા થયા છે. પરિણામમાં ક્ષતિ હોવાની આશંકા સાથે પુનઃમૂલ્યાંકનની ઉગ્ર માંગ લઈને મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર ખાતે એકઠા થયા હતા અને ભારે સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું.તહેવારો બાદ તરત જ શિક્ષણ અને આરોગ્ય જેવા મહત્ત્વના વિભાગો સામે શરૂ થયેલા આ ત્રિપાંખિયા જંગે સરકારને ભીંસમાં મૂકી દીધી છે. હવે જોવાનું એ રહેશે કે સરકાર આ આંદોલનકારીઓની પડતર માંગણીઓ સંતોષીને મામલો થાળે પાડે છે કે પછી આગામી દિવસોમાં આ આંદોલન વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે.

### કાશી વિશ્વનાથ મંદિરે કરી પૂજા

# અનંત અંબાણીએ કાશી વિશ્વનાથ અને અન્નપૂર્ણા મંદિરે કર્યા દર્શન

**કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મંદિર પરિસરમાં પહોંચેલા અનંત અંબાણીએ પરંપરાગત ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો હતો**

વારાણસી,તા.૨૪

ઉદ્યોગપતિ અનંત અંબાણી સોમવારે, ૨૩ નવેમ્બરે વારાણસી પહોંચ્યા હતા, જ્યાં તેમણે કાશી વિશ્વનાથ મંદિર અને માતા અન્નપૂર્ણા મંદિર ખાતે દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી. કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મંદિર પરિસરમાં પહોંચેલા અનંત અંબાણીએ પરંપરાગત ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો હતો. અનંત અંબાણીનો કાફલો કાશી વિશ્વનાથ મંદિરના ગેટ નંબર ૪ નજીક પહોંચ

# વરસડા–મતિરાળા–કૃષ્ણગઢ રીસર્ફેસીંગ રોડનું ખાતમુહૂર્ત કરતા સાસંદ અને ધારાસભ્ય






લાઠી તાલુકાના વરસડા–મતીરાળા–કૃષ્ણગઢને જોડતા મહત્વપૂર્ણ રીસર્ફેસીંગ રોડના વિકાસ કાર્યનું ખાતમુહૂર્ત સાંસદ ભરતભાઈ સુતરીયા તથા લાઠી–બાબરા– દામનગર વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. વરસડા–મતીરાળા–કૃષ્ણગઢમાર્ગ લાઠી તાલુકાના અનેક ગામો માટે મહત્વપૂર્ણ જોડાણ માર્ગ છે. લાંબા સમયથી માર્ગના નવીનીકરણ અને મજબૂતીકરણની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ગ્રામજનો દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને પ્રયાને લઈ આ માર્ગના રીસર્ફેસીંગ માટે રૂ. ૧૧.૧૭ કરોડની મંજૂરી મળતા હવે માર્ગના વિકાસકાર્યનો વિધિવત પ્રારંભ થયો છે. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, લાઠી–બાબરા–દામનગર વિધાનસભા વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા, પાણી, શિક્ષણ, આરોગ્ય સહિતની પાયાની સુવિધાઓ વધુ સુદ્રઢ બને અને ગ્રામજનોને આવાગમનમાં સરળતા રહે તે માટે સરકાર સમક્ષ સતત રજૂઆતો કરવામાં આવી રહી છે. જેના પરિણામે આજે કરોડો રૂપિયાના વિકાસ કાર્યો સાકાર થઈ રહ્યા છે. આ માર્ગના રીસર્ફેસીંગના કામથી વરસડા, મતીરાળા, કૃષ્ણગઢ સહિત આસપાસના ગામોના લોકોને વધુ સારો, મજબૂત અને સુવિધાયુક્ત માર્ગ મળશે. વિદ્યાર્થીઓ, ખેડૂતો, વેપારીઓ તેમજ રોજિંદા કામકાજ માટે અવરજવર કરતા ગ્રામજનોને આ માર્ગના નવીનીકરણથી વિશેષ લાભ મળશે. સાથે સાથે આસપાસના ગામો વચ્ચેનું જોડાણ વધુ સુદ્રઢ બનશે અને વાહન વ્યવહારને પણ વધુ સરળતા મળશે. સાંસદએ જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોના વિકાસને સતત પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. માર્ગ અને માળખાકીય સુવિધાઓના વિકાસથી ગામડાઓમાં સુવિધાઓ વધવાની સાથે સ્થાનિક અર્થતંત્રને પણ વેગ મળે છે. લાઠી–બાબરા–દામનગર વિસ્તારના વિકાસ માટે લોકપ્રતિનિધિઓ અને સંગઠન સાથે મળીને સતત કાર્ય કરી રહ્યા છે. આ પ્રસંગે તાલુકા પંચાયતના સભ્યો, જિલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા ભાજપ પ્રમુખ કાર્યકર્તાઓ, ગ્રામ પંચાયતના સરપંચ, ભાજપના આગેવાનો, ગામના આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ વિકાસકાર્ય માટે ગ્રામજનોમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી. ગ્રામજનોએ સાંસદ તથા ધારાસભ્યનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે લાંબા સમયથી જરૂરી એવા આ માર્ગના રીસર્ફેસીંગનું કામ મંજૂર થતા વિસ્તારના લોકોને મોટી રાહત મળશે. વિકાસની ગતિ સતત આગળ વધે અને લાઠી–બાબરા–દામનગર વિધાનસભા વિસ્તારનો દરેક ગામ વધુ સુવિધાસભર બને તેવા સંકલ્પ સાથે વિકાસકાર્યોની શ્રેણી સતત આગળ ધપાવવામાં આવી રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## વડિયાની મામલતદાર કચેરીનો વહીવટ

કયારેક અમરેલી કલેકટર કચેરીએ મામલતદારની હાજરી ન મળતી હોવાના કારણે અરજદારોને પોતાના કામ માટે વારંવાર કચેરીનાં ધક્કા ખાવા પડે છે. એક તરફ સરકારી કામગીરી માટે જરૂરી પ્રમાણ પત્રો, મહેસૂલી પ્રશ્નો અને અન્ય વહીવટી કામો સમયસર પૂર્ણ થવાની અપેક્ષા હોય છે, ત્યારે બીજી તરફ જવાબદાર અધિકારીની ઉપલબ્ધતા ન હોવાની સ્થિતિ લોકો માટે મુશ્કેલી ઊભી કરી રહી છે.

હાલ મતદાર યાદી સુધારણાની કામગીરી અંતિમ તબક્કામાં હોવાનું મહત્વનું છે. આવી સ્થિતિમાં મામલતદારની નિયમિત ઉપલબ્ધતા અને દેખરેખ અત્યંત જરૂરી બની રહે છે. જો જવાબદાર અધિકારીની હાજરી અને માર્ગદર્શન પૂરતા પ્રમાણમાં ન મળે તો મતદાર યાદી સંબંધિત કામગીરીની ગુણવત્તા અને સમયમર્યાદા સામે પણ સવાલો ઊભા થઈ શકે છે. આગામી ટૂંકાગાળામાં ગ્રામપંચાયતની ચૂંટણીઓ યોજાવાની સંભાવનાઓ વચ્ચે વડિયા તાલુકામાં વહીવટી તંત્રની જવાબદારી વધુ મહત્વપૂર્ણ બની છે. ચૂંટણીની પૂર્વતૈયારીઓથી લઈને ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ અને નિર્વિઘ્ને પૂર્ણ કરાવવા માટે સક્ષમ અને નિયમિત ઉપલબ્ધ રહેતા અધિકારીની નિમણૂક અનિવાર્ય છે.

આ ઉપરાંત વડિયા મામલતદાર કચેરીમાં ચૂંટણી નાયબ મામલતદારની નિમણૂકનો મુદ્દો પણ હજુ અધૂરો હોવાની ચર્ચા છે. જો ચૂંટણી નજીક આવે અને પૂરતા જવાબદાર અધિકારીઓની નિમણૂક ન થાય તો ચૂંટણીલક્ષી કામગીરીનું આયોજન અને અમલીકરણ કેવી રીતે થશે તેવો પ્રશ્ન પણ સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યો છે.

વડિયા તાલુકાનાં નાગરિકો માટે મામલતદાર કચેરી એ મહત્વપૂર્ણ વહીવટી કેન્દ્ર છે. પરંતુ કાયમી અધિકારીનાં અભાવ અને ઈન્ચાર્જ વ્યવસ્થાને કારણે જો લોકોનાં કામો અટવાતા હોય તો આ સ્થિતિનો કાયમી ઉકેલ લાવવો જરૂરી છે.

હવે સવાલ એ છે કે વડિયા તાલુકાની મામલતદાર કચેરી ઈન્ચાર્જ વ્યવસ્થાનાં સહારે જ ચાલતી રહેશે કે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અહીં કાયમી મામલતદારની નિમણૂક કરવામાં આવશે ? ચૂંટણીનો સમય નજીક આવી રહ્યો છે ત્યારે માત્ર ચાર્જ સોંપીને વહીવટી જવાબદારી પૂર્ણ થતી નથી, પરંતુ નાગરિકોને સમયસર સેવા મળે અને ચૂંટણી પ્રક્રિયા પણ સુચારૂ રીતે પૂર્ણ થાય તે માટે જવાબદાર અધિકારીની નિયમિત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી જિલ્લા વહીવટી તંત્રની પ્રાથમિકતા બનવી જોઈએ.

હવે વડિયાનાં નાગરિકોની નજર રાજયનાં મહેસુલ વિભાગ તરફ છે કે વડિયાને કાયમી મામલતદાર કયારે મળશે અને અટવાયેલા સરકારી કામોને કયારે ગતિ મળશે ? તે તો આવનારો સમય જ બતાવશે.

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલા–લીલીયા રેલ્વે ટ્રેક પર

સફળતા મળી રહી છે. ભાવનગર મંડળનાં વરિષ્ઠ મંડળ વાણિજય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીનાં જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪– ૨૫માં ૧૫૯, વર્ષ ૨૦૨૫–૨૬માં ૧૨૯ અને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭માં એપ્રિલથી અત્યાર સુધી ૧૧૪ એશિયાઈ સિંહોને સંભવિત રેલ અકસ્માતોથી બચાવવામાં આવ્યા છે. આમ, ત્રણ નાણાકીય વર્ષના આંકડા મુજબ અત્યાર સુધી કુલ ૪૦૨ સિંહોને સુરક્ષિત બચાવવામાં આવ્યા છે.

મંડળ રેલ્વે પ્રબંધક દિનેશ વર્મા અને અપર મંડળ રેલ્વે પ્રબંધક ઋત્વિક શર્મા સહિતનાં વરિષ્ઠ અધિકારીઓએ લોકો પાયલટોની કર્તવ્યનિષ્ઠા, સતર્કતા અને ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. ગીર વિસ્તારનાં વનરાજોની સુરક્ષા માટે રેલ્વે અને વન વિભાગનાં સંકલિત પ્રયાસો વન્યજીવ સંરક્ષણની દિશામાં પ્રશંસનીય ઉદાહરણ બની રહ્યા છે.

## અવસાન નોંધ

**અમરેલી :** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ મુળ ચિતલ હાલ અમરેલી નિવાસી હર્ષિદાબેન ગુણવંતરાય દવે (ઉ.વ. ૮૪) તે ઠાકોરલાલ ઓધવજી દવે (મુબઈ)ના દિકરી અને સ્વ. ગુણવંતરાય વ્રજલાલ દવે (નિવૃત્ત ઓડિટર)ના ધર્મપત્ની તથા સ્વ. રાજેશભાઈ (કેનેડા), કમલેશભાઈ (કેનેડા), અવિનાશભાઈ (જામનગર), ભરતભાઈ (અમરેલી), નિતીનભાઈ (પુના)ના માતૃશ્રી તથા દિનેશભાઈ (અમદાવાદ) અને હસમુખભાઈ (મુબઈ)ના ભાભી તેમજ સરોજબેન, સ્વાતિબેનના સાસુ અને જાન્હવીના દાદીનુ તા. ૨૪ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૬ને ગુરૂવાર સાજે ૪ થી ૬ ખેડાવાળ બ્રાહ્મણ બ્રોર્ડિગ વાડી, મ્યુનિસિપલ ગલ્સ હાઈસ્કૂલ સામે, અમરેલી ખાતે રાખેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## બિનખેડૂત પણ ખરીદી શકશે

રિપોર્ટ સરકારને સુપ્રત કરાયો છે. આ ઉપરાંત ગુજરાતમાં લેન્ડ રિફોર્મ માટે સીએલસી કમીટીનો રિપોર્ટ સરકારને સુપ્રત કરવામાં આવ્યો છે. તેમાં પણ ખેતીની જમીન કોઈ પણ વ્યકિત ખરીદી શકે તેવી ભલામણ કરાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ૮ માસના બાળકનું

વિસ્તારમાં ડુંગળી ભરવાનું કામ કરતા હતા. આ વખતે તેણીનો દીકરો વિકાસ (ઉ.વ. ૮ માસ) તે વાડીમાં આવેલ રીંગણાના છોડ નીચે સુતેલો હતો અને બધા બોલેરો ગાડીમાં ડુંગળી ભરવાનું કામ કરતા હતા ત્યારે આ બોલેરો ગાડી નંબર જીજે–૦૫ બીઝેડ–૧૭૭૩ના ચાલકે તેમાં ડુંગળી ભરવા માટે થોડી આગળ લેતા ગાડીના ચાલકે તેની ગાડી બેફિકરાઈથી ગફલતભરી રીતે ચલાવી અને તેણીનો દીકરો સુતો હોય ત્યાં બોલેરાનું આગળનું ટાયર અથડાવી દેતા તેણીના દીકરા વિકાસને માથાનાં ભાગે ગંભીર ઈજા થયેલ હોવાથી તે કંઈ અવાજ કરેલ નહી. ત્યારબાદ ૧૦૮માં તેણીના દીકરાને બેસાડી સાવરકુંડલા સીએસસી ખાતે લઈ ગયેલ ત્યાં પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર માટે અમરેલી રિફર કરતા સિવિલ હોસ્પિટલ ખાતે લાવી સારવારમાં દાખલ કરતા ફરજ ઉપરના ડોકટરએ તેણીના દીકરા વિકાસને તપાસી મરણ ગયેલાનું જણાવેલ હતું. આ અંગે બોલેરો ગાડી નં. જી.જે.–૦૫ બીઝેડ ૧૭૭૩ના ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલાનાં જુના બસ સ્ટેન્ડ તરફનો માર્ગ

લપસતા માંડ બચ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. ખાસ કરીને જે બાઈકના ટાયર ઘસાઈ ગયેલા ('ટકો') હોય તેવા વાહનો લપસવાની શકયતા વધુ રહે છે, ઉપરાંત ઢાળ અને લીસાપણાને કારણે વાહનને બ્રેક મારવી પણ મુશ્કેલ બને છે.

સ્થાનિક બુદ્ધિજીવીઓ અને નાગરિકોના મતે રસ્તા પર ચાલતા લપસી જવું એ રાહદારીઓ માટે વગર વાંકે દંડ સમાન છે. રસ્તાના નિર્માણ સમયે કોન્ટ્રેકટર દ્વારા યોગ્ય કાળજી ન રખાઈ હોવાનો આક્ષેપ ઉઠયો છે અને તંત્રની કામગીરી સામે પણ નારાજગી વ્યકત થઈ રહી છે. સાથોસાથ, કામગીરી ચાલતી હતી ત્યારે આસપાસના વિસ્તારના લોકોએ સમયસર અવાજ ન ઉઠાવ્યો તેમાં લોકજાગૃતિના અભાવની વાત પણ ચર્ચાઈ રહી છે.

અતિ લીસા અને ઢાળવાળા આ માર્ગ પર અકસ્માતનું જોખમ ટાળવા માટે તંત્ર તાત્કાલિક રક્ષાત્મક અને ઠોસ પગલાં ભરે તેવી પ્રબળ માંગ ઊઠી છે. ત્યાં સુધી બાઈકચાલકો અને રાહદારીઓએ આ રસ્તા પરથી પસાર થતી વખતે વિશેષ સાવચેતી રાખવી જરૂરી બની છે.

પાના ૧ ઉપરનું ચાલું

## ધોળા દિ'એ ૬.૫૩ લાખ પરિવારોની

આવી છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને એ.આઈ.સી.સી. ના સીઈસી મેમ્બર, વરિષ્ઠ અધિવકતા ડો. અમીબેન યાજ્ઞિકે આ ઓનલાઈન અભિયાનની પીટીશનની વિગતો જાહેર કરી હતી.

રાજીવ ગાંધી ભવન ખાતે ઓનલાઈન પીટેશન લોન્ચ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખે જણાવ્યું હતું કે, સરકારની નાક નીચે ધોળા દિવસે ૬.૫૩ લાખ પરિવારોની આખી જિંદગીની બચત લૂંટાઈ ગઈ હોવા છતાં રાજય અને કેન્દ્ર સરકાર એક શબ્દ બોલવા કે પીડિતોને આસ્વસ્ત કરવા તૈયાર નથી. સંસદીય સમિતિના અહેવાલ મુજબ દેશમાં છેલ્લા ૫ વર્ષમાં ૫૪ લાખ સાયબર ફરિયાદો સામે માત્ર ૨.૪% માં જ એફઆઈઆર થઈ છે, અને ગુજરાતમાં પણ વર્ષ ૨૦૨૫ના ૯ મહિનામાં જ ૭૨,૦૦૦ લોકોએ રૂા. ૬૦૦ કરોડથી વધુ ગુમાવ્યા છે. આ સ્થિતિમાં સરકાર પર દબાણ લાવવા અને જવાબદારી નક્કી કરવા માટે એક વિપક્ષ તરીકે કોંગ્રેસ પક્ષે Change.org પ્લેટફોર્મ પર આ ઓનલાઈન પીટીશન લોન્ચ કરેલ છે.

તેઓએ સ્પષ્ટ કર્યુ હતું કે આ કોઈ રાજકીય કાર્યક્રમ નથી, પરંતુ પીડિત પરિવારોના હકની લડાઈ છે. ફકત ભોગ બનેલા પરિવારો જ નહી, પરંતુ સાયબર ફ્રોડ સામે અવાજ ઉઠાવવા માંગતો દરેક જાગૃત નાગરિક QR કોડ સ્કેન કરીને અથવા લિંક (https://c.org/kpfXBx8B9m) પર જઈને પોતાનું નામ, નંબર અને ઈમેલ દ્વારા પીટીશન પર સહી કરી સમર્થન આપી શકે છે.

આગામી દિવસોમાં ગુજરાતના તમામ જિલ્લા મથકોએથી પણ આ અભિયાનને વેગ આપવામાં આવશે. આવતા એક મહિનામાં તમામ પીડિતોની વિગતો એકત્રિત કર્યા બાદ, વિધાનસભાના આગામી બજેટ સત્ર પહેલાં કોંગ્રેસ પક્ષ આ મુદ્દે મુખ્યમંત્રી કાર્યાલય, ગુજરાત વિધાનસભા અને સંસદ સુધી ઉગ્ર રજૂઆત અને લડત ચલાવશે.

## –:: જાહેર નોટિસ ::–

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ શ્રી વિજેતાબેન ચંદ્રકાતભાઈ વાજા, રહે.અમરેલી ની સુચના અન્વયે આ જાહેર નોટીસથી લાગતા– વળગતા સર્વોને જાણ કરીએ છીએ કે, અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે સુધરાઈ હદમાં વરસડા રોડ રસ્તે કે.કે. પાર્કમાં આવેલ રહેણાંક મકાન કે જેના સર્વે નં. ૧૨૦/૧ પૈકી ૧ ના પ્લોટ નં. ૫ ની મિલ્કતવાળી જમીનના મુળ માલીક મધુભાઈ કેશવભાઈ બોરડ રહે. લુણીધાર, તા. વડીયા, જિ. અમરેલીની ખેતીની જમીન હતી. તેઓએ આ જમીન મહે.કલેકટર સાહેબ, અમરેલીના હુકમ નં.ચિ/જમન/૧–વશી–૬૨૦૧–બખપ–એસ.આર. ૯–૦૪/૦૫ તા. ૧૫–૬–૨૦૨૫ થી રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ છે. જેનો લે–આઉટ પ્લાન મહે.નાયબ નગર નિયોજક સાહેબ, જૂનાગઢના પત્ર નંબર ડેવ–અમરેલી–૮૬૯ તા.૨/૪/૨૦૦૫ થી મંજૂર થયેલ છે. ત્યારબાદ મધુભાઈ કેશવભાઈ બોરડ રહે. લુણીધાર, તા. વડીયા, જિ. અમરેલીનાએ તેઓના કુલમુખત્યાર મહેશભાઈ રણછોડભાઈ વાઘાસીયાને તા. ૧૭–૬–૨૦૦૫ થી નોટરાઈઝડ મુખત્યારપત્ર આપેલ. જેના આધારે મહેશભાઈ રણછોડભાઈ વાઘાસીયાએ પ્લોટ નં. ૫ ની જમીન રજી. વેચાણ લેખ નં. ૨૫૭૮ તા. ૧૩–૧૧–૨૦૦૬ થી મનીષભાઈ હરીકાંતભાઈ આદ્રેજાને વેચાણ રાખેલ અને તે પ્લોટમાં જરૂરી પરવાનગી સાથે રહેણાંક મકાનનું બાંધકામ કરેલ. ત્યારબાદ સદર મકાન વેચાણ લેખ નં. ૬૪૬૭ તા. ૨૯–૧૨–૨૦૨૩ થી તેઓએ અમારા અસીલશ્રી વિજેતાબેન ચંદ્રકાંતભાઈ વાજાને વેચાણ આપેલ.સદરહુ મિલ્કત સબંધે અમારા ઉપરોકત અસીલે અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૨૫/૧૧/૨૦૨૬

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ એન્ડ નોટરી**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૪૯ | ૧૮૮૩ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૨૫ | ૧૪૯૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૪૦ | ૧૫૫૦ |
| ૩ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૬૦૫ |
| ૪ | શિંગ દાણા | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૫૪૦ | ૧૮૩૦ |
| ૬ | તલ સફેદ | ૨૭૦૫ | ૩૭૨૦ |
| ૭ | તલ કાળા | ૨૬૩૦ | ૪૧૭૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૩૨૫૦ | ૩૨૫૦ |
| ૯ | બાજરો | ૩૨૫ | ૫૮૦ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૧૬૯૫ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૭૫૫ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૭૫ | ૬૪૫ |
| ૧૩ | મકાઈ | ૩૭૦ | ૬૭૦ |
| ૧૪ | મગ | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૧૫ | અડદ | ૧૧૧૦ | ૧૬૮૫ |
| ૧૬ | ચણા | ૧૧૪૦ | ૧૫૧૦ |
| ૧૭ | સફેદ ચણા | ૧૩૬૦ | ૧૫૧૫ |
| ૧૮ | છોલે દેશી | ૧૨૦૦ | ૧૬૧૫ |
| ૧૯ | વટાણા | ૬૬૦ | ૬૬૦ |
| ૨૦ | તુવેર | ૧૧૭૦ | ૧૫૮૫ |
| ૨૧ | કપાસ | ૧૬૬૦ | ૧૬૨૫ |
| ૨૨ | જીરૂ | ૪૦૦૦ | ૫૧૦૦ |
| ૨૩ | રાય | ૧૮૧૫ | ૧૮૧૫ |
| ૨૪ | ધાણી | ૨૫૦૦ | ૩૨૦૦ |
| ૨૫ | સોયાબીન | ૧૨૦૦ | ૧૫૬૦ |
| ૨૬ | રજકાનું બી | ૨૭૨૦ | ૬૧૫૦ |
| ૨૭ | મરચા લાંબા | ૩૨૦૦ | ૫૫૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૭૫૦ | ૧૮૬૦ |
| ૨ | મગફળી | ૧૩૦૦ | ૧૪૪૦ |
| ૩ | ચણા | ૧૩૫૧ | ૧૪૧૧ |
| ૪ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૦૭૫ |
| ૫ | સોયાબીન | ૧૪૦૪ | ૧૫૧૧ |
| ૬ | અડદ | ૧૬૩૧ | ૧૬૩૧ |
| ૭ | મગ | ૧૬૭૫ | ૧૬૭૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૭૦૧ | ૧૮૭૭ |
| ૨ | મગફળી | ૧૧૧૦ | ૧૫૨૦ |
| ૩ | ઘઉં | ૬૦૦ | ૬૦૦ |
| ૪ | ચણા | ૧૩૭૦ | ૧૪૭૯ |
| ૫ | શીંગદાણા | ૧૬૫૧ | ૧૬૫૧ |
| ૬ | ધાણા | ૨૮૫૦ | ૨૮૭૫ |
| ૭ | એરંડા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૮ | સોયાબીન | ૧૪૫૦ | ૧૪૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૨૫ | ૧૬૫૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૭૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૬૦૦ |
| ૪ | તલ કાળા | ૩૨૫૦ | ૩૯૫૦ |
| ૫ | જીરૂ | ૪૨૫૦ | ૫૦૦૦ |
| ૬ | કપાસ | ૧૮૬૦ | ૧૯૧૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૬૧ | ૬૧૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૪૦ |
| ૯ | બાજરો | ૫૦૦ | ૬૦૨ |
| ૧૦ | જુવાર | ૧૪૫૦ | ૧૬૮૨ |
| ૧૧ | અડદ | ૧૮૦૦ | ૧૯૬૬ |
| ૧૨ | ચણા | ૧૩૨૫ | ૧૪૭૦ |
| ૧૩ | તુવેર | ૧૫૦૦ | ૧૭૦૧ |
| ૧૪ | ધાણા | ૨૯૦૦ | ૩૧૦૦ |
| ૧૫ | સોયાબીન | ૧૪૦૦ | ૧૫૦૪ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૬૦ | ૧૯૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૭૫૧ | ૧૮૭૦ |
| ૩ | મગફળી | ૧૩૭૦ | ૧૫૨૧ |
| ૪ | તલ કાળા | ૩૨૮૦ | ૩૭૯૦ |
| ૫ | જીરૂ | ૪૫૦૦ | ૪૯૭૦ |
| ૬ | ચણા | ૧૪૪૦ | ૧૪૮૦ |
| ૭ | ઘઉં | ૬૦૧ | ૬૮૦ |
| ૮ | અડદ | ૧૮૨૧ | ૧૯૧૨ |
| ૯ | સોયાબીન | ૧૫૧૧ | ૧૫૩૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૫૬ | ૧૯૩૦ |
| ૨ | ઘઉં ટુકડા | ૫૭૩ | ૬૨૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૮૦ | ૫૮૦ |
| ૪ | મગફળી | ૧૧૪૫ | ૧૩૯૪ |
| ૫ | ચણા | ૧૩૨૫ | ૧૪૭૦ |
| ૬ | સોયાબીન | ૧૨૫૫ | ૧૫૩૫ |
| ૭ | જુવાર | ૧૩૩૫ | ૧૩૩૫ |
| ૮ | તુવેર | ૧૧૬૫ | ૧૬૬૦ |
| ૯ | ચણા સફેદ | ૧૦૫૦ | ૧૩૬૦ |
| ૧૦ | ધાણા | ૨૭૫૦ | ૩૦૫૦ |
| ૧૧ | લસણ | ૧૦૦૦ | ૧૫૩૦ |
| ૧૨ | અડદ | ૧૮૫૦ | ૧૯૦૦ |
| ૧૩ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૨૬૦ |
| ૧૫ | એરંડી | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૬ | મગ | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૧૭ | છોલે ચણા | ૧૫૬૫ | ૧૫૬૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૦૦ | ૧૫૧૬ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૩૩૦૧ |
| ૩ | તલ કાળા | ૩૪૦૦ | ૪૧૦૦ |
| ૪ | કપાસ | ૧૭૫૦ | ૧૮૮૦ |
| ૫ | બાજરો | ૫૦૧ | ૬૧૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૭૦૧ |
| ૭ | જુવાર | ૯૦૦ | ૧૬૫૦ |
| ૮ | મકાઈ | ૪૫૧ | ૪૫૧ |
| ૯ | મગ | ૧૩૦૦ | ૩૩૦૧ |
| ૧૦ | અડદ | ૧૪૦૦ | ૧૬૦૧ |
| ૧૧ | ચણા | ૧૩૨૫ | ૧૫૭૫ |
| ૧૨ | જીરૂ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૧૩ | મેથી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૪ | સોયાબીન | ૧૪૭૬ | ૧૫૨૦ |

# ગીરગઢડામાં કેસર કેરીનાં આંબા પર લટકી કેરીઓ, બગીચાનાં માલિક ખુશ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ગીર સોમનાથ જિલ્લાનાં ગીર ગઢડા તાલુકાનાં એભલવડ અને પીછવી ગામમાં કુદરતનો એક અનોખો નજારો સામે આવ્યો છે. સામાન્ય રીતે ઉનાળાની ઋતુમાં એટલે કે માર્ચ એપ્રિલ મહિનામાં પાકતી કેસર કેરી આ વખતે નવેમ્બર મહિનામાં જ આંબા પર લટકતી જોવા મળતાં પંથકમાં ભારે કુતૂહલ સર્જાયું છે. શિયાળાની શરૂઆતમાં જ કેસર કેરીનાં આંબા પર ફળનો ફાલ જોવા મળતાં સ્થાનિક લોકો પણ આશ્ચર્યમાં મુકાયા છે. ખાસ નોંધનીય બાબત એ છે કે નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં સામાન્ય રીતે કેસર કેરીનાં આંબા પર મોર આવવાની શરૂઆત થતી હોય છે. આ સમયગાળામાં આંબા પર ફૂલો આવવાની પ્રક્રિયા થવી જોઈએ, તેના બદલે આ વખતે આંબા પર સીધી કેરીઓનો ફાલ જોવા મળી રહ્યો છે. જેના કારણે આ કુદરતી ફેરફાર ચર્ચાનો વિષય બન્યો છે. બીજી તરફ, છેલ્લા કેટલાક સમયથી હવામાનમાં થઈ રહેલા ફેરફારો, તાપમાનમાં વધઘટ, અલ નીનો અને ગ્લોબલ વોર્મિંગ જેવી પરિસ્થિતિઓ ખેતી અને બાગાયતી પાકોને પણ અસર કરી રહી છે. ત્યારે બદલાતું હવામાન કેસર કેરીનાં આંબાનાં ફૂલ અને ફળ આવવાના સમયચક્રને અસર કરી રહ્યું છે કે કેમ તે અંગે પણ ચર્ચાઓ થઈ રહી છે. સામાન્ય રીતે ઉનાળાની ઓળખ ગણાતી કેસર કેરી શિયાળાની શરૂઆતમાં જ આંબા પર જોવા મળવી એ ખરેખર કુદરતનો અનોખો નજારો છે. ગીર ગઢડાનાં બે જ બગીચામાં અંદાજે અનેક જેટલા કેસર કેરીનાં આંબા પર ફાલ આવવાની આ ઘટના હાલ સમગ્ર પંથકમાં આકર્ષણ અને ચર્ચાનું કેન્દ્ર બની છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆત બાદ

## બાબરામાં રૂપિયા ૯ કરોડનાં ખર્ચે સરકારી હોસ્પિટલનું નવું મકાન બનાવાશે

### પાલિકાના પુર્વ પ્રમુખ પ્રવિણભાઈ કરકર દ્વારા આવકાર

બાબરા, તા. ૨૪

બાબરા શહેર અને તાલુકાની જનતાને આરોગ્ય ક્ષેત્રે મોટી સુવિધા મળવા જઈ રહી છે. શહેરમાં રૂા.૯ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ સરકારી હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા રાજય સરકાર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતને પગલે રાજય સરકાર દ્વારા રૂા. ૯ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવતાં બાબરા પંથકમાં આનંદની લાગણી પ્રસરી છે.



વિકાસલક્ષી કામોને વેગ મળ્યો છે.



સમક્ષ રજૂઆત કરી હતી, જેના પરિણામે

બાબરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ કરકરે આ નિર્ણયને આવકારતાં આનંદ અને રાજીપો વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે લાઠી – બાબરા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા જન આરોગ્ય, પ્રાથમિક સુવિધાઓ અને જનસુખાકારીના પ્રશ્નોને સતત પ્રાધાન્ય આપી રહ્યા છે. વિસ્તારના સર્વાંગી વિકાસ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા હોવાથી અનેક વિકાસલક્ષી કામોને વેગ મળ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે બાબરા શહેરમાં વર્ષોથી આધુનિક સુવિધાઓ ધરાવતી સરકારી હોસ્પિટલની જરૂરિયાત અનુભવાતી હતી. શહેર ઉપરાંત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના લોકોને પણ સારી અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ થાય તેવી લાંબા સમયથી માંગણી હતી. આ મહત્વપૂર્ણ પ્રશ્નને ગંભીરતાથી લઈ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ રાજય સરકાર સમક્ષ રજૂઆત કરી હતી, જેના પરિણામે રૂા. ૯ કરોડની ગ્રાન્ટ મંજૂર થઈ છે.

આ મંજૂરીથી બાબરા શહેર અને તાલુકાના નાગરિકોને આગામી સમયમાં આધુનિક આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ થવાનો માર્ગ મોકળો બન્યો છે. ખાસ કરીને સ્થાનિક લોકોને સારવાર માટે અન્ય શહેરો સુધી લાંબા અંતરની દોડધામ કરવી પડે તે સ્થિતિમાં રાહત મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ૨૫ નવેમ્બર, ''સાધુ વાસવાણી જન્મદિવસ–આંતરરાષ્ટ્રીય મીટ લેસ ડે''




અમરેલી, તા. ૨૪

દર વર્ષે ૨૫ નવેમ્બરે કરૂણાવતાર, કેળવણીકાર, એક મહાન કવિ, તત્વજ્ઞાની, સંત અને ગરીબો, પ્રાણી જીવમાત્રનાં સેવક સાધુ ટી.એલ. વાસવાણીજીનાં જન્મદિવસે ''આંતરરાષ્ટ્રીય મીટ લેસ ડે'' ઉજવવામાં આવે છે. સાધુ વાસવાણીજીનું સંપૂર્ણ જીવન સમાજ સેવા થકી પ્રભુ સેવાનાં કાર્યોમાં જ પસાર થયું હતું. ૧૯૯૩માં હૈદરાબાદમાં કન્યાઓ માટે સેન્ટ મીરા સ્કુલની સ્થાપના કરી તેઓએ કન્યા કેળવણી (શિક્ષણ) પર ભાર મુકયો, કારણ કે તેઓ માનતા હતા કે જે ઘરમાં સ્ત્રી શિક્ષિત હશે તે આખું કુટુંબ શિક્ષિત બનશે. તેઓ અભ્યાસમાં ચારિત્ર્ય નિર્માણ પર ભાર મુકતા સાદગી, સેવા, પવિત્રતા અને પ્રાર્થનાં તેમના મુખ્ય ચાર સિધ્ધાંતો રહ્યા હતાં. તેઓ કહેતા કે માસ ન ખાવાથી આપણે ઘણી બધી બિમારીઓ જેવી કે મેદવૃદ્ધિ, હૃદયને લગતી બિમારીઓ, હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને અમુક પ્રકારનાં કેન્સર (ખાસ કરીને ફેફસાનાં કેન્સરથી) બચી શકીએ છીએ. માસ શાકભાજી કરતા મોંઘુ હોવાથી તેનો વપરાશ બંધ કરવાથી નાણાની બચત પણ કરી શકાય છે ઉપરાંત માસ ખાવાથી થતી બિમારીઓનો જોખમ ઘટવાથી દવાઓ પાછળ થતા ખર્ચને પણ બચાવી શકાય છે અને આ રીતે સ્વાસ્થ્ય અને પર્યાવરણ સુધારા દ્વારા આપણે દેશ માટે વધુ ઉપયોગી કાર્ય કરી શકીએ છીએ.

માંસાહાર એક એવો ખોરાક છે જે લીધા પછી માણસનું શરીર સંપૂર્ણ પણે એસીડીક બનતું જાય છે અને સ્વાસ્થ્ય જાળવવા માટે માનવ શરીર એસીડીકનાં સ્થાને અલ્કલાઈનની નજીક વધુ રહે એ વધુ હિતાવહ કહેવાય માટે શાકાહાર અપનાવવું જોઈએ. વિચિત્ર પ્રકારનાં ઘડેલા ખોરાક ખાવાને બદલે કુદરતે આપેલું ભોજન લેવું વધુ યોગ્ય છે. વળી માંસાહાર કરતાં શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિકસ–પેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ–પેકેજ જ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક વ્યક્તિને બાવડેબાજ અને મજબૂત બનાવી શકે છે. શાકાહાર હૃદયસંબંધી રોગનાં ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હૃદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજ–ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ–પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે. શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. સ્વસ્થતાનો માપદંડ ગણાતો ''બોડી માસ ઈન્ડેકસ'' (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એક સરખું જાળવી રાખવા તેમજ સંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે. શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવ શરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શકયતા રહે છે. બ્લડ–પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી ! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોકટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન–વેજફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન–સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એકસપર્ટસ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્વનું ઘટક સેરીબ્રોસાઈડ નામનું તત્વ છે જે મગજ અને બુદ્ધિનાં વિકાસ માટે સહાયક છે. વળી આ પણ એક ધ્યાનમાં લેવા જેવી બાબત છે કે હાથી, ઘોડો, ગાય, ગેંડો, હિપોપોટેમસ, બકરી, ઊંટ, હરણ જેવા તમામ શકિતશાળી અને બુદ્ધિશાળી પ્રાણીઓ શાકાહારી જ છે માટે લાબું અને સ્વસ્થ જીવન જીવવા માટે ખાવાનું આદતો સારી બનાવવી જોઈએ અને માદક દ્રવ્યોનાં સેવનથી પણ દુર રહેવું જોઈએ.

લાશ ખાવાનું છોડો, શાકાહારી બનો.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## સંવિધાન દિવસની ઉજવણી... એક મહાપર્વ તરીકે બંધારણીય મૂલ્યો–માનવતા અને રાષ્ટ્રનિર્માણનો સંકલ્પ

૨૬ નવેમ્બર ભારતીય લોકશાહીના ગૌરવ – સ્વાભિમાન અને નાગરિક ચેતનાનો દિવસ છે. આ દિવસને આપણે 'સંવિધાન દિવસ કે ' બંધારણ દિવસ' તરીકે ઉજવીએ છીએ. આ દિવસ માત્ર એક ઐતિહાસિક દસ્તાવેજને યાદ કરવાનો દિવસ નથી પરંતુ આપણા અધિકારો, ફરજો, સ્વતંત્રતા, સમાનતા, ન્યાય અને માનવ ગૌરવના મૂલ્યોને સમજવાનો તથા જીવનમાં ઉતારવાનો મહાપર્વ છે. ભારતનું બંધારણ આપણને એક એવા લોકશાહી રાષ્ટ્રના નાગરિક બનાવે છે જયાં વ્યકિતની ઓળખ તેના ધર્મ, જાતિ, ભાષા, લિંગ કે સામાજિક દરજ્જાથી નહીં પરંતુ માનવી તરીકેના તેના ગૌરવ અને અધિકારોથી થાય છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે બંધારણ માત્ર કાયદાનું પુસ્તક નથી પરંતુ દેશના દરેક નાગરિક માટે ન્યાયપૂર્ણ – સમાનતાપૂર્ણ અને માનવતાથી ભરપૂર સમાજનું સ્વપ્ન છે.

**બંધારણની રચનાની જરૂરિયાત શા માટે ઊભી થઈ?**

૧૫ ઓગસ્ટ – ૧૯૪૭ના રોજ ભારત અંગ્રેજોના શાસનમાંથી આઝાદ થયું. આઝાદી સાથે દેશ સમક્ષ એક મહત્વપૂર્ણ પ્રશ્ન હતો કે હવે ભારતનું શાસન કઈ વ્યવસ્થા – નિયમો અને સિદ્ધાંતોના આધારે ચાલશે ? દેશની વિવિધતા, અનેક ભાષાઓ, ધર્મો, સંસ્કૃતિઓ અને સામાજિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને એવી વ્યવસ્થા જરૂરી હતી જે સમગ્ર દેશને એકતાના સૂત્રમાં બાંધી શકે અને દરેક નાગરિકને ન્યાય તથા સમાન અધિકાર આપી શકે. આ હેતુથી બંધારણ સભાની રચના કરવામાં આવી. બંધારણ સભાએ લાંબી ચર્ચાઓ, વિચાર વિમર્શ, અભ્યાસ અને લોકશાહી મૂલ્યોના આધારે ભારતના બંધારણનું નિર્માણ કર્યું. ૨૬ નવેમ્બર – ૧૯૪૯ના રોજ ભારતનું બંધારણ સ્વીકારવામાં આવ્યું અને ૨૬ જાન્યુઆરી – ૧૯૫૦ના રોજ તેનો અમલ થયો. આ ઐતિહાસિક દિવસની યાદમાં વર્ષ ૨૦૧૫ થી ૨૬ નવેમ્બરને સત્તાવાર રીતે સંવિધાન દિવસ તરીકે ઉજવવાનું શરૂ કરવામાં આવ્યું છે.

વિશ્વનુંવિશાળ અને અનોખું લેખિત બંધારણ.. ભારતનું બંધારણ વિશ્વનાં સૌથી વિસ્તૃત લેખિત રાષ્ટ્રીય બંધારણોમાંનું એક છે, તેની રચના કરવામાં ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસનો સમય લાગ્યો હતો. બંધારણની મૂળ આવૃત્તિમાં ૩૯૫ અનુચ્છેદો ૨૨ ભાગો અને ૦૮ અનુસૂચિઓ હતાં. આ બંધારણ માત્ર લખાણરૂપ દસ્તાવેજ નથી પરંતુ ભારતના ઈતિહાસ–સંસ્કૃતિ અને કલાત્મક વારસાનું પણ અદભુત પ્રતિબિંબ છે. અંગ્રેજી અને હિન્દીની મૂળ નકલો હાથથી સુંદર સુલેખન કરીને તૈયાર કરવામાં આવી હતી. અંગ્રેજી આવૃત્તિનું સુલેખન પ્રેમ બિહારી નારાયણ રાયજાદાએ કર્યું હતું અને શાંતિ નિકેતનના કલાકારોએ આચાર્ય નંદલાલ બોઝના માર્ગદર્શન હેઠળ તેને સુંદર ચિત્રોથી સુશોભિત કર્યું હતું. આટલા વિશાળ દેશ માટે બંધારણની રચના કરવીએ માત્ર કાયદાકીય કાર્ય નહોતું પરંતુ વિવિધતા વચ્ચે એકતા, મતભેદો વચ્ચે સમન્વય અને દરેક વ્યક્તિને માનવીય ગૌરવ આપવાનો મહાન પ્રયાસ હતો.

**બંધારણના શિલ્પીઓ અને મહાનુભાવોને વંદન..**

ભારતના બંધારણના નિર્માણમાં અનેક મહાન વ્યક્તિઓએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડો. ભીમરાવ આંબેડકર સાહેબે બંધારણને સુવ્યવસ્થિત સ્વરૂપ આપવામાં અત્યંત મહત્વની ભૂમિકા ભજવી હતી. બંધારણ સભાના અધ્યક્ષ ડો. રાજેન્દ્ર પ્રસાદે સમગ્ર પ્રક્રિયાને ગૌરવપૂર્ણ રીતે માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાતની ધરતીના મહાન સપૂતો સરદાર વલ્લભભાઈ પટેલ – કનૈયાલાલ માણેકલાલ મુનશી અને હંસાબેન મહેતાએ પણ બંધારણ સભા અને તેની વિવિધ સમિતિઓમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. આ મહાનુભાવોની દ્રષ્ટિ, દૂરંદેશી, રાષ્ટ્રપ્રેમ અને લોકહિતની ભાવનાએ ભારતના ભવિષ્યને ઘડવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. આવા મહાન બંધારણ ઘડવૈયાઓનાં ચિત્રો – પ્રતિમાઓ અને સ્મૃતિચિહ્નોને પુષ્પહાર અર્પણ કરીને સન્માનિત કરવું એ કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક માર્ગ છે પરંતુ સાચી શ્રદ્ધાંજલિ તો તેમના વિચારો – આદર્શો અને મૂલ્યોને આપણા જીવનમાં ઉતારવાથી જ આપી શકાય.

**બંધારણ આપણને અધિકારોની સાથે ફરજો પણ શીખવે છે..**

આપણા બંધારણે નાગરિકોને અનેક મૂળભૂત અધિકારો આપ્યા છે. સમાનતાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર, શોષણ સામે રક્ષણ, ધાર્મિક સ્વતંત્રતા, સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો તથા ન્યાય મેળવવાનો અધિકાર.. આ બધું લોકશાહી જીવનના મજબૂત આધાર સ્તંભો છે પરંતુ અધિકારોની સાથે નાગરિક તરીકે આપણી ફરજો પણ એટલી જ મહત્વપૂર્ણ છે. દેશની એકતા અને અખંડિતતા જાળવવી, જાહેર સંપત્તિનું રક્ષણ કરવું, કાયદાનું પાલન કરવું, સ્ત્રી – પુરૂષ સમાનતાનો સ્વીકાર કરવો, દરેક ધર્મ અને સંસ્કૃતિનો આદર કરવો, પર્યાવરણની જાળવણી કરવી અને સમાજમાં ભાઈચારો વધારવો.. આ બધું આપણી નાગરિક જવાબદારીનો ભાગ છે. માત્ર પોતાના અધિકારો માટે જાગૃત રહેવું પૂરતું નથી. બીજાના અધિકારોનું સન્માન કરવું પણ સાચી લોકશાહીની ઓળખ છે.

**માનવતા જ બંધારણની આત્મા છે..**

બંધારણની પ્રસ્તાવનામાં ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ચારેય મૂલ્યોને જો આપણે આપણા રોજિંદા જીવનમાં ઉતારીએ તો સમાજમાં અનેક સમસ્યાઓ આપો આપ ઓછી થઈ શકે. જાતિભેદ, ઊંચ – નીચ, અસ્પૃશ્યતા, ધાર્મિક દ્વેષ, સ્ત્રી – પુરૂષ અસમાનતા, ગરીબ અને સમૃદ્ધ વચ્ચેની માનસિક દીવાલો તથા પરસ્પર અવિશ્વાસ.. આ બધું માનવતાના માર્ગમાં અવરોધ છે. બંધારણ આપણને એક એવી દ્રષ્ટિ આપે છે કે દરેક વ્યક્તિનું સન્માન થવું જોઈએ. કોઈની સાથે અન્યાય થાય તો તેની સામે અવાજ ઉઠાવવો જોઈએ. કોઈ વ્યક્તિ ગરીબ હોય, નિરક્ષર હોય, નબળી સ્થિતિમાં હોય કે કોઈપણ પ્રકારની ભિન્નતા ધરાવતી હોય છતાં તે સમાન માનવીય ગૌરવ અને અધિકારો ધરાવે છે. આપણે જો સાચા અર્થમાં બંધારણનું સન્માન કરતા હોઈએ તો આપણા વ્યવહારમાં પ્રેમ, સહિષ્ણુતા, સહકાર, ન્યાય અનેકરૂણા દેખાવા જોઈએ.

**ઉજવણી નહીં જીવનમાં અમલનો સંકલ્પ..**

સંવિધાન દિવસની ઉજવણી શાળાઓ, કોલેજો, સરકારી કચેરીઓ, સામાજિક સંસ્થાઓ અને જાહેર સ્થળોએ વિવિધ કાર્યક્રમો દ્વારા કરવામાં આવે છે. બંધારણની પ્રસ્તાવનાનું સામૂહિક વાંચન, ચર્ચાઓ, નિબંધ સ્પર્ધાઓ અને જાગૃતિ કાર્યક્રમો યોજાય છે, આ બધું પ્રશંસનીય છે પરંતુ આ ઉજવણીનો સાચો હેતુ ત્યારે જ સફળ થશે જયારે બંધારણીય મૂલ્યો આપણા જીવનનો ભાગ બનશે. આજે આપણે એવો સંકલ્પ કરીએ કે કોઈની સાથે અન્યાય નહીં કરીએ, કોઈનું અપમાન નહીં કરીએ, ભેદભાવ નહીં રાખીએ, અંધશ્રદ્ધા કે દ્વેષને પ્રોત્સાહન નહીં આપીએ અને દરેક માનવીને માનવી તરીકે પ્રેમ તથા સન્માન આપીશું. ભારતનું બંધારણ આપણને માત્ર ભારતીય નાગરિક તરીકે ઓળખ આપતું નથી પરંતુ એક જવાબદાર – જાગૃત અને સંવેદનશીલ માનવી બનવાની પ્રેરણા પણ આપે છે. બંધારણની સાચી શકિત તેના પાનાંઓમાં નહીં પરંતુ તેને અનુસરતા નાગરિકોના વિચારો અને વર્તનમાં રહેલી છે. આપણે મહાન બંધારણ ઘડવૈયાઓને નતમસ્તકે વંદન કરીએ અને તેમના વિચારોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કરીએ.

હું માનવી, માનવ થાઉં તો ઘણું આ ભાવનાને જીવનમાં ચરિતાર્થ કરી શકીએ તો જ સાચા અર્થમાં સ્વતંત્રતા, સમાનતા, બંધુતા અને માનવતાને મજબૂત બનાવી શકીશું. ચાલો.. સંવિધાન દિવસને માત્ર એક દિવસની ઉજવણી નહીં પરંતુ સમગ્ર જીવનમાં માનવ મૂલ્યો જાળવવાના મહાપર્વ તરીકે ઉજવીએ.

આલેખન
પ્રો. સતિષકુમાર પરમાર
હાલોલ, જી.પંચમહાલ – મો. ૯૯૧૩૪ ૭૫૪૦૬

## PGVCL વીજ ગ્રાહકોને મોંઘવારીનો વધુ એક ઝટકો

## સૌરાષ્ટ્ર-કચ્છના વીજ બિલમાં પ્રતિ યુનિટ ૧૫ પૈસાનો વધારો અમલી

રાજકોટ,તા.૨૪

ગુજરાતમાં મોંઘવારી વચ્ચે વીજ ગ્રાહકોને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) દ્વારા વીજ બિલમાં પ્રતિ યુનિટ ૧૫ પૈસાનો વધારો કરવામાં આવ્યો હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ નિર્ણયની સીધી અસર સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત PGVCLના કાર્યક્ષેત્ર હેઠળ આવતા લાખો વીજ ગ્રાહકોના ખિસ્સા પર પડશે. મળતી માહિતી મુજબ, અંદાજે ૧.૭૬ કરોડ વીજ ગ્રાહકો પર આ વધારાની અસર થવાની શક્યતા છે.

વીજળીના દરમાં પ્રતિ યુનિટ ૧૫ પૈસાનો વધારો થતાં હવે ઘરેલુ વીજ ગ્રાહકોએ અગાઉની સરખામણીએ વધુ બિલ ચૂકવવું પડશે. ખાસ કરીને મધ્યમ વર્ગના પરિવારો, નાના વેપારીઓ અને વધુ વીજ વપરાશ ધરાવતા ગ્રાહકોને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

મોંઘવારીના સમયમાં દૂધ, ગેસ, શાકભાજી અને અન્ય જીવનજરૂરી વસ્તુઓના ખર્ચ વચ્ચે વીજ બિલમાં થયેલો વધારો સામાન્ય પરિવારોના માસિક બજેટને અસર કરી શકે છે.

વીજ બિલમાં યુનિટ દીઠ વધારાની સાથે અન્ય ચાર્જિસને લઈને પણ ગ્રાહકોમાં ચિંતા જોવા મળી રહી છે. અહેવાલ મુજબ, PGVCL દ્વારા પાંચ અલગ-અલગ પ્રકારના ચાર્જ પર ૩.૯૯ ટકાના દરે એરિયર્સની વસૂલાત શરૂ કરવામાં આવી છે. તેના કારણે અગાઉના વીજ વપરાશ સાથે જોડાયેલી વધારાની રકમ પણ ગ્રાહકોના બિલમાં સામેલ થઈ શકે છે.આ નિર્ણયની સૌથી વધુ અસર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં જોવા મળી શકે છે. બંને પ્રદેશના અંદાજે ૬૨ લાખ વીજ ગ્રાહકો પર વધારાનો આર્થિક બોજ પડવાની શક્યતા છે. શહેરી વિસ્તારોની સાથે ગ્રામ્ય વિસ્તારોના ગ્રાહકો પણ આ વધારાથી પ્રભાવિત થશે.

હવે વીજ ગ્રાહકોમાં સવાલ ઊભો થઈ રહ્યો છે કે મોંઘવારીના સમયમાં વીજ બિલમાં વધારાથી રાહત ક્યારે મળશે અને આગામી મહિનાઓમાં ઘરખર્ચનું બજેટ કેવી રીતે જાળવી શકાશે?

## ધારી–બગસરામાં તુલસીના રોપા વિતરણનો કાર્યક્રમ યોજાયો

ધારી, તા.૨૪

મહિલા ઉત્થાન મંડળની બહેનો દ્વારા દેવ ઊઠી એકાદશીના દિવસે એટલે કે તુલસી વિવાહના પાવન પ્રસંગે ધારી અને બગસરામાં તુલસીજીના ૨૦૦૦ થી પણ વધારે રોપાનું નિ : શૂલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ વખતે ધારી અને બગસરામાં પહેલી વાર તુલસી વિતરણના કાર્યક્રમો યોજાયા હોવાથી આ કાર્યક્રમ લોકોમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. સ્થાનિક લોકો શ્રદ્ધા અને આદર ભાવથી તુલસીજીના રોપા લઈ જતા નજરે પડયા હતા. કાર્યક્રમની વિશેષતાએ રહી કે કોઈ પણ જાતનાં ભેદભાવ વગર તમામ લોકોએ તુલસીજીના રોપા મેળવી ધન્યતા અનુભવી હતી. નગરના પ્રબુદ્ધ નાગરિકોએ તથા સંતો–મહંતોએ મહિલા ઉત્થાન મંડળની બહેનોની નિ : સ્વાર્થ સાંસ્કૃતિક સેવાની ભાવનાને હૃદયપૂર્વક બિરદાવી હતી.

ઔષધીય ગુણોની ખાણ તુલસી માતા આયુર્વેદમા મોખરાનું સ્થાન ધરાવે છે. અનેક પ્રકારના રોગોના ઉપચાર માટે તુલસી રામબાણ ઔષધ છે. તુલસી ચોવીસે કલાક પ્રાણવાયુ આપે છે જેથી વાતાવરણની શુદ્ધિ અને પ્રદૂષણ નિયંત્રણ માટે તુલસી ખૂબ જ ઉપયોગી છે.

જે અંતર્ગત ભારત ભરમાં તેમના અનુયાયીઓ દ્વારા ઘરે ઘરમાં તુલસી



પહોંચેએ હેતુથી તુલસીના રોપા નિ : શૂલ્ક વિતરિત કરવામાં આવે છે, સાથે તુલસીના ઉપયોગની પત્રિકા પણ આપવામાં આવે છે, આ કાર્યક્રમમાં મહિલાઓને સાંપ્રત સમયમા જેની તાતી જરૂરિયાત છે એવા ' ઋષિ પ્રસાદ' સામયિકનો સુપ્રસવ વિશેષાંક ભેટ સ્વરૂપે આપવામાં આવ્યો હતો. આ વિશેષાંકમાં માતા બનવા જઈ રહેલી મહિલાને સીજેરીયન ઓપરેશનથી બચીને કેવી રીતે સુખપૂર્વક પ્રસવ થાય એટલે કે નોર્મલ ડિલિવરી થઈ શકે એ અંગેના આયુર્વેદિક અનુભૂત પ્રયોગો પણ આપવામાં આવેલ છે.

મહિલા ઉત્થાન મંડળ –વલ્લભીપુર–અમરેલી અને ભાવનગરની બહેનોની ભારે જહેમતથી બગસરા અને ધારીના બન્ને કાર્યક્રમો સરસ રીતે સંપન્ન થયા.

હવે આપના અમરેલી જિલ્લાની નેત્ર ચિકિત્સા હોસ્પિટલમાં
મોઢા અને ગળાના કેન્સરના ઓપરેશન દ્વારા સારવાર
• જીભ તેમજ અન્ય મોઢાના અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર ની સુવિધા ઉપલબ્ધ.
• કાન -નાક -ગળા ને લગતી કોઈપણ તકલીફ માટે સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.

આયુષ્માન ભારત યોજના મેડિકલેઈમ સુવિધા GSRTC (ST) માન્ય હોસ્પિટલ

ડો. હર્ષ બારોટ M.S., (ENT)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 99789 66629

### જિલ્લા પોલીસ અને ટ્રાફિક વિભાગ દ્વારા કામગીરી શરૂ કરાઈ

# અમરેલીમાં વાહનો ઉપર જ્ઞાતિ સુચક સ્ટીકર અને લખાણ દૂર કરાયા

**મોટર વ્હીકલ એક્ટનાં નવા નિયમ મુજબ વાહનો ઉપર જ્ઞાતિ સુચક કે અન્ય કોઈ લખાણો લખવા પર પ્રતિબંધ લાગ્યો**

**વાહનચાલકોને નવા નિયમની સમજ સાથે નિયમાનુસાર આર્થિક દંડ પણ કરાયો**

**તમામ વાહનચાલકોને તેમનાં વાહનો ઉપરથી જ્ઞાતિ સુચક લખાણ, લોગોને દૂર કરવા પોલીસ વિભાગનો અનુરોધ**

**પોલીસ વિભાગ દ્વારા આગામી દિવસોમાં સતત કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ તે જોવુ રસપ્રદ રહેશે**



અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લા પોલીસ અને ટ્રાફિક શાખા દ્વારા મોટર વ્હીકલ એક્ટના નિયમોના પાલન માટે સમગ્ર જિલ્લામાં ખાસ ડ્રાઈવ યોજવામાં આવી હતી.

જિલ્લાના મુખ્ય સર્કલ અને હાઈવે પર સઘન વાહન ચેકિંગ કરવામાં આવ્યું હતું.

નંબર પ્લેટ અને કાચ પર લગાવેલા જ્ઞાતિસૂચક સ્ટીકરો અને લખાણો સ્થળ પર જ દૂર કરવામાં આવ્યા હતા. વાહનચાલકોને કાયદાની સમજ આપવાની સાથે નિયમભંગ બદલ દંડ પણ ફટકારવામાં આવ્યો.

તમામ વાહનચાલકોને પોતાના વાહન પર કોઈપણ જ્ઞાતિસૂચક નામ, હોદ્દો કે ચિન્હ લગાવેલું હોય તો આજે જ જાતે દૂર કરી દેવું. આગામી દિવસોમાં નિયમભંગ કરનાર સામે કડક દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. તેમ જિલ્લા પોલીસ ધ્વારા અપીલ કરવામાં આવી છે.

### રખડતા પશુઓની સમસ્યા ચિંતાજનક બની

## રાજુલાનાં વીકટર નજીક હાઈવે ઉપર ખુંટિયો આડે આવતાં બાઈક ચાલકનું મોત

**બાઈકને બ્રેક મારવા જતાં પડી જતાં મોત**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લા સહિત અનેક વિસ્તારોમાં રખડતા પશુઓની સમસ્યા હવે માનવ જીંદગી સામે જોખમરૂપ બની ગઈ છે. અને અવારનવાર બાઈક આડે રખડુ શ્વાન, કે ખુંટિયા જેવા પ્રાણી આવી જવાથી અકસ્માતની ઘટના બની રહી છે.

દરમિયાનમાં રાજુલા તાલુકાનાં ચાંચ કુલવાડી વિસ્તારમાં રહેતા નારણભાઈ ચકુરભાઈ ધુંધરવા નામના ૫૭ વર્ષિય આધેડ ગત તા. ૧૬નાં રોજ સાંજનાં સાડા છ વાગ્યાનાં અરસામાં વીકટર ગામે સમર્પણ હોટલ પાસે નેશનલ હાઈવે રોડ ઉપરથી મોટર સાયકલ લઈ પસાર થતા હતા ત્યારે રોડની વચ્ચે અચાનક ખુંટિયો આડો ઉતરતા મોટર સાયકલને બ્રેક મારતા મોટર સાયકલ સ્લીપ થઈ જતા તેમને માથામાં ગંભીર ઈજા થતા તેમનું મોત નીપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### જનતા જનાર્દનનાં રોજબરોજનાં કાર્યો ટલ્લે ચડી રહ્યા છે

## લ્યો બોલો : વડિયાની મામલતદાર કચેરીનો વહીવટ ઘણા દિવસોથી ઈન્ચાર્જ અધિકારીથી ચાલે છે

**રાજ્યમંત્રી વેકરિયાએ અધિકારીની કાયમી નિમણુંક કરાવવી જોઈએ**



વડિયા, તા. ૨૪

વડિયા તાલુકાની મામલતદાર કચેરીમાં કાયમી મામલતદારની નિમણૂકનાં અભાવે વહીવટી કામગીરી સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. મામલતદાર કચેરીમાં અરજદારોને સમયસર જવાબદાર અધિકારી ન મળતા અનેક લોકોનાં સરકારી કામો અટવાઈ રહ્યા હોવાની ફરિયાદો સામે આવી રહી છે. ખાસ કરીને ખેડૂતો, વિદ્યાર્થીઓ અને વિવિધ સરકારી કામકાજ માટે કચેરીએ આવતા નાગરિકોને ધરમનાં ધક્કા ખાવાનો વારો આવી રહ્યો છે.

વડિયાનાં મામલતદાર યોગેશ બારડની બદલી થયા બાદ વડિયા મામલતદારનો વધારાનો ચાર્જ અમરેલી કલેકટર કચેરીમાં પીઆરઓ તરીકે ફરજ બજાવતા કે.જી. ચુડાસમાને સોંપવામાં આવ્યો હતો. થોડા સમય પેહલા વડિયાનાં ઈન્ચાર્જ મામલતદાર કે.જી. ચુડાસમાની વિસાવદર ખાતે બદલી થયાનાં અહેવાલો હોવા છતાં તેઓ હજુ છૂટા ન થયા હોવાથી વડિયા મામલતદારનો ચાર્જ તેમની પાસે જ હોવાનું જાણવા મળે છે. પરિણામે વડિયા તાલુકાને હજુ સુધી કાયમી મામલતદાર મળી શકયા નથી.

સ્થાનિકોમાં ઉઠતી ફરિયાદો મુજબ, કયારેક વડિયા તો

અનુસંધાન પાના ૬ ઉપર

### ગુજરાતમાં ખેતીની જમીન ખરીદીના નિયમોમાં મોટો ફેરફાર

## બિનખેડૂત પણ ખરીદી શકશે ખેતીની જમીન, ગણોત ધારામાં બદલાવની વિચારણા

**ગુજરાત સરકાર લેન્ડ રિફોર્મના ભાગરૂપે કલમ ૬૩માં ફેરફાર કરવા સક્રિય, બોગસ ખેડૂત ખાતેદારોના કિસ્સા વચ્ચે નવી વિચારણા શરૂ કરી રહી છે**

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સરકારે બિન ખેતીની જમીન મુદ્દે ઉભા થયેલા તાજેતરના વિવાદ બાદ હવે બિન ખેડૂત ખાતેદાર પણ ખેતીની જમીન ખરીદી શકે તે અંગે વિચારણા હાથ ધરી છે. જેમાં હાલમાં જ વિધાનસભાના પૂર્વ સ્પીકર રમણલાલ વોરા ખોટા દસ્તાવેજના આધારે ખાતેદાર બન્યાં હોવાની મુખ્યમંત્રીને ફરિયાદ થઈ છે. જ્યારે આ ઉપરાંત અન્ય ઉદ્યોગપતિઓ પણ બોગસ ખેડૂત ખાતેદાર થઈ રહ્યાં હોવાની વિગતો પણ મળી છે. ગુજરાતમાં ગણોત ધારા ની કલમ ૬૩ હેઠળ ખેતીનીજમીન ખરીદવા માટે ખેડૂત ખાતેદાર હોવું જરૂરી છેતેમજ હાલમાં નિયમો મુજબ ખેડૂત ન હોવાને કારણે અન્ય લોકો કૃષિની જમીન ખરીદી શકતા નથી. ત્યારે જે લોકો રસ ધરાવે છે તેમના દ્વારા કૃષિ ક્ષેત્રે રોકાણ થાય, ઓર્ગેનિક ખેતીને પ્રાધાન્ય મળે અને ખેતીની જમીનો બિનખેતી થતા અટકે જે હેતુથી રાજ્ય સરકાર બિન ખેડૂત ખાતેદાર પણ ખેતીની જમીન ખરીદી શકે તેવા ફેરફારો અંગે વિચારણા કરી રહી છે. આ ઉપરાંત હાલમાં મહેસૂલ વિભાગે ખેડા જિલ્લાના માતરમાં ૫૦૦ બોગસ ખેડૂત ખાતેદારો પકડાયાં હતાં. આ ઉપરાંત રાજ્યમાં મોટાપાયે ખેતીની જમીનો બિનખેતીમાં પરિવર્તિત થઈ રહી છે. તેમજ મોટા પ્રમાણમાં ખેતીની જમીન બિન-ખેતી થઈ રહી છે. જે રાજ્ય સરકાર માટે ચિંતાનો વિષય છે. ઉલ્લેખનીય છે કે, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર, સિક્કીમ, મિઝોરમ, ઉત્તરાખંડ, ગોવા ઉપરાંત ગુજરાતમાં માત્ર ખેડૂત જ ખેતીની જમીન ખરીદી શકે છે. જ્યારે ઉત્તરપ્રદેશ, કેરાલા, રાજસ્થાન, હરિયાણા, કર્ણાટક આસામ, પંજાબ, તેલગાણાં સહિતના રાજ્યોમાં ખેતીની જમીન ખરીદવાના નિયમો હળવા છે. આ રાજ્યોમાં કોઈપણ વ્યક્તિ , કલેકટર સહિત સ્થાનિક તંત્રની મંજૂરી મેળવીને ખેતીની જમીન ખરીદી શકે છે. મહત્વની વાત છેકે, ગુજરાતમાં લેન્ડ રિફોર્મ માટે સીએલસીનાં કમીટીનો

અનુસંધાન પાના ૬ ઉપર

### સાવરકુંડલાના જાબાળ ગામનાં વાડી વિસ્તારમાં

## ૮ માસના બાળકનું બોલેરોનું આગળનું વ્હીલ અડી જવાથી મોત

**બોલેરાના ચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૪

સાવરકુંડલા તાલુકાના જાબાળ ગામે વાડી વિસ્તારમાં રહેતા રૂકમાબેન અજયભાઈ નીનામાં નામની ૨૩ વર્ષીય પરિણીતા ગત તા. ૨૨ બપોરના બારેક વાગ્યાની આસપાસ જાબાળ ગામે રણજીતભાઈ ખુમાણની વાડી પાસે બીજા માણસો વાડિ




અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (Ice cream/Mukhvas/Namkeen)
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
Only Male Candidates With Experience May Apply.
Location : Amreli, Gujarat.
hrscpl1987com
+91 95109 59957
APPLY NOW


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શ્યામ ડાઈનીંગ હોલ (એ.સી.હોલ)
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ

અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ
The King of catcring service
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

બપોરે સ્પેશ્યલ ગુજરાતી થાળી તેમજ પંજાબી મળશે...
॥ દેશી ટેસ્ટ, ઘર જેવી મજા ॥
પંજાબી ચાઈનીઝ કાઠિયાવાડી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
શ્રી રઘુવીર ફેમિલી ઢાબા
મો. ૮૧૪૦૯ ૦૦૦૯૩
કેરીયા રોડ બાયપાસ, તુલસી પાર્ટી પ્લોટ ની બાજુમાં અમરેલી

KRISHNA DINING HALL
અસલ કાઠીયાવાડી આહલાદક સ્વાદમાં...
કિષ્ના ડાઈનીંગ હોલ
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, ક્રિસ્કબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૬૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
કિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Ruparelia, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)